અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 20, Dt.04-11-2023 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

ઈઝરાયેલે ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ પર હુમલો કર્યો : અનેકના મોત

નેતાન્યાહુએ યુધ્ધવિરામનો ઇન્કાર કર્યો

જેરુસલેમ, તા.૪: ઈઝરાયેલે ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ અલ-શિફાને નિશાન બનાવી હતી. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે દાવો કર્યો હતો કે ઈઝરાયલી દળોએ ઘાયલોને પહેલા હોસ્પિટલમાં અને પછી જ્યારે તેઓ ઘાયલોને એમ્બ્યુલન્સમાં લઈ જઈ રહ્યા હતા ત્યારે હુમલો કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તાજેતરના બોમ્બ ધડાકામાં ઘણા લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલની સેનાએ કહ્યું છે કે તે તેની તપાસ કરી રહી છે.

આરોગ્ય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર રેડ ક્રોસને જાણ કરી છે. હમાસ સમર્થિત ટીવી ચેનલ અલ-અક્સાએ અગાઉ કહ્યું હતું કે હુમલામાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે, પરંતુ જારી કરાયેલ નિવેદનમાં જાનહાનિ વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી.

તે જ સમયે, ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ યુએસના વિદેશ મંત્રી બ્લિંકનને કહ્યું કે તેઓ બંધકોને મુક્ત કર્યા વિના આતંકવાદી જૂથ હમાસ વિરુદ્ધ યુદ્ધ બંધ નહીં કરે. નેતન્યાહુએ ઈઝરાયેલે ગાઝામાં ઈંધણ પ્રવેશવા દેવાના તમામ અહેવાલોને પણ ફગાવી દીધા અને કહ્યું કે અમે ઈંધણને ગાઝામાં પ્રવેશવા નહીં દઈએ. નેતન્યાહુએ બ્લિંકનને કહ્યું કે ઇઝરાયેલ અસ્થાયી યુદ્ધવિરામને નકારી કાઢે છે જેમાં ઇઝરાયેલી બંધકોની મુક્તિનો સમાવેશ થતો નથી. ઈઝરાયેલ ગાઝામાં ઈંધણ અને પૈસા મોકલવાનો પણ વિરોધ કરે છે.

સંક્ષિપ્ત ટેલિવિઝન સંબોધનમાં, નેતન્યાહુએ વચન આપ્યું હતું કે અમારી જીત ટૂંક સમયમાં આવશે અને પેઢીઓ સુધી ઉજવવામાં આવશે. નેતન્યાહુએ એમ પણ કહ્યું કે ઈઝરાયેલના દુશ્મનોનું લક્ષ્ય દેશને બરબાદ કરવાનું છે, પરંતુ તેઓ આમાં ક્યારેય સફળ નહીં થાય. તેમણે સ્પષ્ટ કર્યું કે ઇઝરાયલ જ્યાં સુધી વિજય હાંસલ નહીં કરે ત્યાં સુધી અટકશે નહીં.

ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે ઈઝરાયેલની સેનાએ ગાઝા પર ચારે બાજુથી કડક ઘેરો ઘાલ્યો છે. જ્યારે યુદ્ધમાં ઈઝરાયલની સાથે ઉભેલા અમેરિકાએ સેના પર ઘેરો હળવો કરવા અને માનવીય મદદ માટે યુદ્ધ રોકવા માટે દબાણ વધાર્યું છે. આ ક્રમમાં અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને ઈઝરાયેલના નેતાઓ સાથે ઝડપી બેઠક યોજી હતી. ઈઝરાયેલે યુદ્ધને સ્વરક્ષણનું યુદ્ધ ગણાવીને ચાલુ રાખ્યું છે. હમાસ અને તેના સાથીઓએ જણાવ્યું હતું કે તેમના લડવૈયાઓએ વિસ્ફોટ કર્યા, ડ્રોનમાંથી ગ્રેનેડ છોડ્યા અને ગાઝામાં નાશ પામેલી ઈમારતો અને કાટમાળના ઢગલાઓની આસપાસના યુદ્ધમાં આગળ વધતા સૈનિકો સામે મોર્ટાર અને એન્ટી-ટેન્ક રોકેટ છોડ્યા. બીજી તરફ, વ્હાઈટ હાઉસે કહ્યું છે કે લડાઈમાં કોઈપણ વિક્ષેપ અસ્થાયી અને સ્થાનિક હોવો જોઈએ. તેમણે સંપૂર્ણ યુદ્ધવિરામની માંગને ફગાવી દીધી હતી.

ગુજરાતમાં ઈડી ત્રાટકયુઃ કચ્છ, નવસારી,અમદાવાદમાં દરોડા

ગેમીંગ એપ લોન્ચ કર્યા બાદ હજારો લોકો સાથે કરોડો રૂપિયાના કૌભાંડમાં દરોડાઃ ચીની નાગરિકે ભારતીય મળતીયાઓ સાથે મળીને ઉંચા વળતરની લાલચ આપીને લોકોને શીશામાં ઉતાર્યા

રાજકોટ,તા.૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલથી માંડીને વિધાનસભા ચુંટણી ધરાવતા રાજસ્થાન જેવા રાજયોના નેતાઓ પર તવાઈ ઉતારી રહેલી ડીરેકટોરેટ ઓફ ઈન્ટેલીજન્સ (ઈડી)ની કાર્યવાહી સામે થતા પ્રહાર વચ્ચે એજન્સી દ્વારા ગુજરાતમાં પણ તપાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને અમદાવાદ, કચ્છ, નવસારી તથા દિલ્હીમાં ૧૩ સ્થળોએ સામુહિક દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રિવેન્શન ઓફ મનીલોન્ડ્રીંગ એકટ હેઠળ આ દરોડા ઓપરેશન કરાયુ હતું.

'દાની ડેટા' નામની વેબ આધારીત ગેટીંગ એપ્લીકેશન લોન્ચ કર્યા બાદ સંચાલકો કરોડો રૂપિયા ઉસેટીને ફરાર થઈ ગયા હોવાની બનાસકાંઠાના પાલનપુર પોલીસમાં નોંધાયેલી ફરિયાદના આધારે આ દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

ઈડીની તપાસમાં એવુ બહાર આવ્યું છે કે, ચીનના નાગરિક તથા તેના સાગ્રીતોએ ગેમીંગ એપ્લીકેશન બનાવી હતી અને ડિસેમ્બર ૨૦૨૧થી તે ઉપલબ્ધ બની હતી. ૨૬/૫/૨૦૨૨ થી ૩૧/૫/૨૦૨૨ દરમ્યાન ગુગલ પ્લે સ્ટોરમાં પણ મુકવામાં આવી હતી. જુન ૨૦૨૨ થી એપ્લીકેશન બંધ થઈ ગઈ હતી.

વેબ આધારીત દાની ગેમીંગ એપ્લીકેશનના સંચાલકો દ્વારા રોકાણ પર નિશ્ચિત વળતર આપવાની લાલચ આપવામાં આવી હતી. દરેક ગેમ દીઠ ન્યુનતમ ૦.૭૫ ટકા રીટર્ન આપીને લોકોને રોકાણ માટે લોકોને લલચાવવામાં આવ્યા હતા જેને પગલે હજારો લોકોએ એપ્લીકેશન મારફત નાણાકીય રોકાણ કર્યુ હતું. ત્યારબાદ સંચાલકોએ ગુગલ પ્લે સ્ટોરમાંથી એપ્લીકેશન હટાવી લીધી હતી.

ગુજરાત પોલીસે ફાઈલ કરેલા ચાર્જશીટના આધારે એવુ બહાર આવ્યું હતું કે, ઠગાઈ કાંડનો સૂત્રધાર ચીનનો નાગરિક હતો. ભારતીય મળતીયાઓની સાથે રાખીને ષડયંત્ર રચ્યુ હતું અને હજારો રોકાણકારોએ નાણા ગુમાવ્યા હતા. લોકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ થઈ હતી.

એનફોર્સમેન્ટ ડીરેકટોરેટ દ્વારા અમદાવાદ, કચ્છ, નવસારી, દિલ્હીના ૧૪ સ્થળોએ હાથ ધરવામાં આવેલી સામુહિક દરોડા કાર્યવાહીમાં મોટીમાત્રામાં વાંધાજનક દસ્તાવેજો જમ કરવામાં આવ્યા હતા. ઉપરાંત ઈલેકટ્રોનિક સાધનો પણ કબ્જે કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાતમાં ઈન્કમટેકસ સીજીએસટી જેવી એજન્સીઓની દરોડા કાર્યવાહીના દોર વચ્ચે ઈડી પણ ત્રાટકતા સનસનાટી છે

છતીસગઢમાં દરેક પરણીત મહિલાઓને વર્ષે રૂ.૧૨૦૦૦ આપશે ભાજપ

પક્ષના સંકલ્પપત્ર જાહેર કરતા અમીત શાહઃ અયોધ્યાની મફત યાત્રા કરાવાશે

રાયપુર,તા.૪

છતીસગઢમાં ભાજપે રેવડી કલ્ચરનો પટારો ખોલતા જ કોંગ્રેસની સ્ટાઈલથી વચનોની ઝડી વરસાવી છે. ગઈકાલે ભાજપના નંબર ટુ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે છતીસગઢ માટે સંકલ્પપત્ર જાહેર કર્યો હતો.જણાવ્યું હતું કે, રાજયમાં દરેક વિવાહીત મહિલાને દર વર્ષે રૂ.૧૨ હજાર આપવામાં આવશે તેમજ ૧૮ લાખ આવાસ યોજના હેઠળ તૈયાર કરવામાં આવશે. રાજયમાં રૂ.૫૦૦માં ગેસ કનેકશન અપાશે તેમજ રાજયમાં રામમંદિરના દર્શન માટે ગરીબ લોકોને રાજય સરકાર દ્વારા ખાસ પ્રવાસ ભત્થા અપાશે. અમીત શાહે જાહેર કર્યુ કે, છતીસગઢમાં પાંચ શકિતપીઠોની સ્થાપના કરવામાં આવશે અને રાજયમાં મહિલાઓ માટે ખાસ પોલીસસ્ટેશન પણ ઉભા કરાશે. અમીત શાહે જણાવ્યું કે, રાજયમાં મોદી ગેરંટી હેઠળ પ્રતિ એકર ૨૧ કવીન્ટલ ધાનની ખરીદી કરાશે. કુલ ૩૧ વચનો અમીત શાહે આપ્યા હતા.

કેજરીવાલને નવું સમન્સ પાઠવશે ઈડી : આગામી સપ્તાહે હાજર થવું પડશે તેવા સંકેત

સુપ્રિમ કોર્ટે જ શરાબ કાંડની તપાસ ઝડપી કરવા કહ્યું છે : કેજરીવાલને જણાવાશે

નવી દિલ્હી, તા. ૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલએ રાજયના શરાબ કાંડ મુદ્દે ઈડીનું સમન્સ ફગાવ્યા બાદ હવે એન્ફોર્સમેન્ટ વિભાગ કેજરીવાલને નવું સમન્સ પાઠવે તેવા સંકેત છે અને તે આગામી સપ્તાહમાં જ કેજરીવાલને હાજર થવું પડે તે નિશ્ચિત કરશે.

ગઈકાલે ઈડી સમક્ષ હાજર થવાને બદલે તેમની સામેના સમન્સ સામે પ્રશ્ન ઉઠાવ્યા હતા એટલું જ નહીં રાજનીતિ પ્રેરીત હોવાનું જણાવ્યું હતું. સમન્સ પાછું ખેંચી લેવા પણ માંગણી કરી હતી.

હવે કેજરીવાલના પત્ર પર ઈડીનું કાનુની વિભાગ વિચારણા કરી રહ્યું છે અને ઈડીએ જણાવ્યું છે કે, શરાબ કાંડમાં તપાસ શકય તેટલી ઝડપી પુરી કરવા સુપ્રિમ કોર્ટનો આદેશ છે અને તે પ્રક્રિયા માટે કેજરીવાલની પુછપરછ જરૂરી છે.

એજન્સીના સુત્રોના જણાવ્યા મુજબ કેજરીવાલે જે પાંચ રાજયોની ચૂંટણીનું બહાનું આપીને પોતે વ્યસ્ત હોવાનું જણાવ્યું હતું તે અંગે પણ કાનુની માર્ગદર્શન અપાશે અને ખાસ કરીને ગોવાની ચૂંટણીમાં આપ દ્વારા જે રીતે શરાબ કાંડના ભંડોળનો ઉપયોગ કરાયો તે માહિતી બહાર આવી છે તે પછી ઈડી તેની જડ સુધી પહોંચવા માંગે છે. સુપ્રિમ કોર્ટે પણ અગાઉ જે ટીપ્પણી કરી હતી 'આપ' જો ભંડોળનો ઉપયોગ કર્યો હોય તો તેની પણ પુછપરછ થવી જોઈએ અને નાતે અરવિંદ કેજરીવાલની પુછપરછ થશે તેવું ઈડીએ નિશ્ચિત કર્યુ છે. ઈડીના સુત્રોએ જણાવ્યું કે અમે અત્યંત સાવધાનીથી આ કેસમાં તપાસ કરી રહ્યા છીએ અને કોઈ રાજકીય મુદો તેમાં આવતો નથી.

યુવા વર્ગમાં લોન લેવાનો વધતો ટ્રેન્ડ

૨૫ ટકા ગ્રાહકો પાસે ૫ કે વધુ લોન ખાતાઃ ૫૩ ટકા ભારતીયો ૩૦ વર્ષથી ઓછી ઉંમરે જ પર્સનલ લોન મેળવી લે છેઃ પ્રવાસ, મોબાઈલ-ગેઝેટ જેવી ચીજોની ખરીદી પણ લોનથી કરવાનું માનસ

નવી દિલ્હી તા.૪

આર્થિક ઉદારીકરણ તથા ઓનલાઈન-ટેકનોલોજીનાં યુગમાં ખાસ કરીને યુવા વર્ગનો હાથ છુટ્ટો થઈ ગયો છે. નાના-મોટા ખર્ચ કરવામાં ખચકાટ રાખવા નવી ક્રેડીટકાર્ડનાં સહારે આડેધડ ખર્ચ કરી નાખે છે અને તેના કારણે ચોથા ભાગનાં ગ્રાહકો પાંચ કે તેથી વધુ લોન ખાતા ધરાવતા થઈ ગયા છે. ૩૦ વર્ષથી નાની ઉંમરના ૫૩ ટકા લોકો પર્સનલ લોન ધરાવે છે.

'પૈસાબજાર' દ્વારા ૩.૭ કરોડ લોકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમાં લોન લેવામાં યુવા વર્ગ મોખરે હોવાનું માલુમ પડયુ છે. રીપોર્ટમાં એવુ બહાર આવ્યું છે કે ક્રેડીટ સ્કોર ચકાસતા-ધરાવતા ૨૫ ટકા ગ્રાહકો પાંચ કે વધુ એકટીવ ધિરાણ ખાતા ધરાવે છે. સરેરાશ ૨૫ વર્ષની ઉંમરે પ્રથમ ક્રેડીટ કાર્ડ લેવામાં આવે છે. જયારે ૨૯ વર્ષની ઉંમરે પર્સનલ લોન કે ઘર વપરાશની ચીજો ખરીદવા ધિરાણ લે છે. અભ્યાસ રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે ૫૩ ટકા ભારતીયોએ ૩૦ વર્ષની ઉંમર પહેલા જ પર્સનલ લોન મેળવી હતી.

તેમાંથી ૨૨ ટકાએ ૨૫ વર્ષની વય પુર્વે જ ક્રેડીટ કાર્ડ લઈ લીધુ હતું. યુવા વર્ગમાં ૫૦ ટકા લોકોએ ૩૦ વર્ષની ઉંમર પૂર્વે પ્રથમ ક્રેડીટ કાર્ડ મેળવ્યુ હતું. તેમાંથી માત્ર ૩૧ ટકાએ ૩૦ વર્ષ પુર્વે હોમલોન લીધી હતી. ૨૫ વર્ષની ઉંમર પૂર્વે હોમલોન લેનારાની સંખ્યા માત્ર ૮ ટકા હતી. મહત્વની વાત એ છે કે ૨૫ ટકા ગ્રાહકો પાસે પાંચ કે વધુ ધિરાણ ખાતાઓ અર્થાત ૫ કે તેથી વધુ લોન ધરાવે છે. ૪૬ ટકા બે થી ચાર અને ૨૯ ટકા લોકો એક લોન ખાતુ ધરાવે છે. ૨૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાઓ પાસે ક્રેડીટ કાર્ડની સરેરાશ સંખ્યા ૨.૩ છે.

પરંતુ ૩૦ વર્ષની તરફ આગળ વધવા ધિરાણ પ્રક્રિયા વધવા લાગે છે.એવુ પણ રસપ્રદ તારણ નીકળ્યુ છે કે લોન લઈને પ્રવાસ કરવા કે સ્માર્ટફોન-ગેઝેટસ ખરીદવાનો ટ્રેંડ યુવા વર્ગમાં વધુ છે. અત્યારે લોન લઈને ખરીદો અને પછી હપ્તામાં ચુકવોની માનસીકતા વધી રહી છે.સેલીબ્રીટીઓ દ્વારા વિવિધ પ્રચાર પણ વધતી પર્સનલ લોન માટે જવાબદાર છે.

રાજસ્થાન બોર્ડર પાસે ભયાનક અકસ્માત, ગુજરાતના ૪ યુવકોના મોત

અમદાવાદ,તા.૪ : રાજસ્થાનમાં મોડી રાતે નેશનલ હાઈવે ૪૮ પર ભયાનક અકસ્માત થયો હતો જેમાં ગુજરાતના ચાર યુવકોના મોત થયા છે જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.ગુજરાત અને રાજસ્થાન બોર્ડર નેશનલ હાઈવે ૪૮ પર રતનપુર ચેકપોસ્ટથી નજીક વીંછીવાડાની હદમાં મોડી રાતે કાર અને ખાનગી બસ વચ્ચે ટક્કર થતા અકસ્માતની ઘટના બની હતી જેમાં ગુજરાતના ચાર યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે ડુંગરપુર ખાતેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની મળતી માહિતી મુજબ મૃતક ચારેય યુવક મોડાસાના રહેવાસી હોવાનુ જાણવા મળ્યું છે.

નેપાળમાં મધરાતે ૬.૪ની તિવ્રતાનો વિનાશક ભૂકંપઃ ૧૨૮ના મોત

રાત્રીના ૧૧.૪૭ કલાકે પશ્ચીમી નેપાળના જાજરકોટમાં વ્યાપક નુકશાનઃ સેંકડો મકાનો પડી ગયાઃ અનેક દબાયાઃ મૃત્યુ આંક ઉંચો જવાનો ભય

કાઠમંડુ.તા.૪

નેપાળમાં મધરાત પુર્વે રાત્રીના ૧૧.૪૭ કલાકે ૬.૪ની તિવ્રતા સાથે આવેલા ભૂકંપથી જબરી તબાહી મચી ગઈ છે અને અત્યાર સુધીમાં ૧૨૮ લોકોના મોત થયા છે તથા હજું વધુ લોકો મકાનો સહિતના કાટમાળ હેઠળ દબાયેલા હોવાનું તથા મોટી સંખ્યામાં લોકો ગંભીર રીતે ઘાયલ થયાનું માનવામાં આવે છે જેના કારણે મૃત્યુઆંક વધુ ઉંચો જઈ શકે છે. નેપાળના આ ભૂકંપની અસર દિલ્હી, બિહાર સહિતની ઉતર ભારતના અનેક ક્ષેત્રોમાં ધ્રુજારી અનુભવવામાં આવી હતી.

જો કે ભારતમાં કોઈ જાનમાલ નુકશાનીના અહેવાલ નથી. નેપાળનો ભૂકંપ કચેરીના જણાવ્યા મુજબ આ ભૂકંપનું ભૂમિબિન્દુ નેપાળના જાજરકોટમાં હતું અને ત્યાં જ સૌથી વધુ નુકશાન થયું છે. એકલા જાજરકોટમાં જ ૯૨ લોકોના મોત થયા છે. જાજરકોટ નેપાળનો પહાડી જીલ્લો છે અને અંદાજે ૧૯૦૦૦ લોકો અહી રહે છે. નાના નાના ગામના ઝુમખામાં લોકો રહે છે. નેપાળ ભૂકંપ માપક કચેરીના જણાવ્યા મુજબ ૬.૪ની તિવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જો કે જર્મની અને અમેરિકી ભૂકંપ માપક કચેરીમાં આ આંચકો ૫.૬ થી ૫.૭નો હોવાનું દર્શાવ્યું હતું.

નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલ પ્રચંડ મેડીકલ ટીમ સાથે ભૂકંપગ્રસ્ત ક્ષેત્રમાં જવા રાત્રીના ૩ વાગ્યે જ રવાના થઈ ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ભૂકંપમાં મૃતકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા ભારતની તમામ મદદની ખાતરી આપી હતી તો બીજી બાજુ નેપાળની સેના પણ રાહત-બચાવમાં જોડાઈ છે. જાજરકોટ એ નેપાળના પશ્ચીમી ક્ષેત્રમાં આવેલું છે અને દુર્ગમ માર્ગો પરથી જવું પડે છે. ભૂકંપનો આંચકો એટલો તિવ્ર હતો કે કાચા-પાકા મકાનો સેકન્ડોમાં ધસી પડયા હતા. આ આંચકા કાઠમંડુ અને તેની આસપાસ પણ લાગ્યા હતા.

રિયલ એસ્ટેટ સેક્ટરમાં આગામી ૬ મહિનામાં શાનદાર ગ્રોથની સંભાવના

તહેવારો દરમિયાન અપેક્ષિત સારી માંગની સાથે ભારતીય અર્થવ્યવસ્થા ગ્રોથ બની રહેવાની આશા છે જેનાથી આગામી ૬ મહિના દરમિયાન ક્ષેત્રને ગતિ મળવાની સંભાવના

નવી દિલ્હી, તા.૪

રિયલ એસ્ટેટ સેક્ટરમાં આગામી ૬ મહિનાની ગ્રોથની સંભાવનાઓને લઈને કેટલીક આશા વધી છે. રિયલ એસ્ટેટના વિકાસ સાથે જોડાયેલી કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓનો આ સેક્ટરને લઈને વિશ્વાસ વધ્યો છે. નાઈટ ફ્રેન્ક-નારેડકો સેન્ટિમેન્ટ ઈન્ડેક્સ પ્રમાણે આ સેન્ટિમેન્ટનું કારણ તહેવારો દરમિયાન માંગમાં વધારો અને દેશની આર્થિક વૃદ્ધિ છે. નારેડકોએ શુક્રવારે ૨૦૨૩નો રિયલ એસ્ટેટ સેન્ટિમેન્ટ ઈન્ડેક્સ રિપોર્ટ જારી કર્યો હતો.

વર્તમાન અને ભવિષ્યની ધારણાઓ પર છે રિપોર્ટ રિયલ એસ્ટેટ કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓની આ સેક્ટરને લઈને રાય પર આધારિત છે. તેમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર, આર્થિક માહોલ અને ફંડની ઉપલબ્ધતાને લઈને વર્તમાન અને ભવિષ્યની ધારણાઓને દર્શાવવામાં આવી છે. રિપોર્ટમાં ૫૦નો સ્કોર એક તટસ્થ દૃષ્ટિકોણ અથવા યથાસ્થિતિ દર્શાવે છે જ્યારે ૫૦થી ઉપરનો સ્કોર પોઝિટિવ ભાવનાને દર્શાવે છે અને ૫૦થી નીચેનો સ્કોર નેગેટિવ ભાવના દર્શાવે છે. સંયુક્ત રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, પશ્ચિમ એશિયામાં અચાનક શરૂ થયેલા સંઘર્ષ અને વિવિધ દેશો વચ્ચે વધતા ક્ષેત્રીય તણાવને કારણે વર્તમાન ધારણા સ્કોર જૂન ૨૦૨૩ ના ૬૩ થી ઘટીને સપ્ટેમ્બરમાં ૫૯ રહી ગયો છે.

રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચાના હોદ્દેદારની વરણી

પ્રમુખપદે અશ્વિન મોલીયા, મહામંત્રી દેવભાઈ કોરડીયા, વિમલભાઈ રાઠોડની નિમણુંક

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી વિનોદભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા પ્રમુખડો.પ્રશાંતભાઈ કોરાટ, જીલ્લા સંગઠન પ્રભારી ધવલભાઈ દવે સાથે વિચાર-વિમર્શ કરીને રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા દ્વારા રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચાના હોદેદારોની વરણી કરવામાં આવેલ છે. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જ યાદીમાં જણાવે છે.

જીલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અશ્વીનભાઈ મોલીયા (૯૯૭૪૮૪૮૪૫૬), મહામંત્રીઓદેવભાઈ કોરડીયા (૭૨૬૫૮૭૦૭૦૩), વિમલભાઈ રાઠોડ (૮૧૬૦૭૩૪૦૪૧),૭૫પ્રમુખઓ મયંકભાઈ વીરડીયા, હરેશભાઈ લાવડીયા, જયેશભાઈ સાગઠીયા, ધવલભાઈ ધમસાણીયા, મંત્રીઓ સહદેવસિંહ હેરમા, ડો.મનોજભાઈ કાછડીયા, મહિદીપસિંહ જાડેજા, સુરજભાઈ ડેર, મૌલિકભાઈ પરસાણા તથા કાર્યાલય મંત્રી તરીકે રસિકભાઈ વસોયાની નિમણુક કરવામાં આવી છે.

ગુજરાતમાં ૧ વર્ષમાં ૧૮૨૦ ગૃહિણીઓએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું

વર્ષ ૨૦૨૧માં સૌથી વધુ ગૃહિણીઓની આત્મહત્યાને મામલે ગુજરાત સમગ્ર દેશમાં છઠ્ઠા સ્થાને

અમદાવાદ,તા.૪

આજે ગૃહિણી દિવસ છે. ૩ નવેમ્બરની ગૃહિણી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જોકે, આપણે દરેકે આપણાં ઘરમાં ગૃહિણી તરીકે કામ કરતા આપણાં માતા, બહેન કે પત્નીને યોગ્ય સન્માન આપવાની જરૂર છે. તેઓ જે આપણાં માટે કરે છે તેનું કોઈ મુલ્ય કે કોઈ વળતર ન હોઈ શકે, તે અનમોલ છે. ત્યારે આજના દિવસે ગૃહિણીઓના સન્માન અર્થે ઉજવવામાં આવે છે. આપણાં ઘરની ગૃહિણી આપણાં માટે પોતાનો જીવ રેડી દે છે અને તોય જ્યારે આપણે તેને સાવ સહજતાથી કહી દઈએ છીકે, તું આખો દિવસ ઘરમાં કરે છે ?. આ સવાલ તેના મનમાં એક તીરની જેમ ખુંચે છે. આ સાથે જ અહીં ચિંતાનો વિષય એ પણ છેકે, ગુજરાતમાં ગૃહિણીઓની સ્થિતિ ખરાબ છે. આ અમે નથી કહી રહ્યાં પણ નેશનલ ક્રાઈમ બ્યુરોના આંકડા તેનો પુરાવો છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં દરોરોજ સરેરાશ પાંચ ગૃહિણીઓ આત્મહત્યા કરે છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી)ના અહેવાલ અનુસાર ગુજરાતમાંથી ૩ વર્ષમાં ૫૨૪૫ ગૃહિણીઓએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવ્યું છે, જેમાં વર્ષ ૨૦૧૯માં ૧૬૮૯, ૨૦૨૦માં ૧૭૩૬ અને ૨૦૨૧માં ૧૮૨૦ ગૃહિણીઓની આત્મહત્યાનો સમાવેશ થાય છે. આમ, ગૃહિણીઓમાં આત્મહત્યાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. વર્ષ ૨૦૨ ૧ની વાત કરવામાં આવે તો સમગ્ર દેશમાંથી કુલ ૨૩૧૭૮ ગૃહિણીઓએ આત્મહત્યા કરી હતી.

જેમાં તામિલનાડુમાં સૌથી વધુ ૩૨૨૧, મધ્ય પ્રદેશમાં ૩૦૫૫, મહારાષ્ટ્રમાં ૨૮૬૦, પશ્ચિમ બંગાળમાં ૧૯૯૮ ગૃહિણીઓની આત્મહત્યાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૧માં સૌથી વધુ ગૃહિણીઓની આત્મહત્યાને મામલે ગુજરાત સમગ્ર દેશમાં છઠ્ઠા સ્થાને છે. ગૃહિણીઓની આત્મહત્યા તે માટે મુખ્યત્વે સાસરિયા તરફથી દહેજ માગવા ઉપરાંત માનસિક ત્રાસ મુખ્યત્વે જવાબદાર પરિબળ હોય છે. મનોચિકિત્સકો મતે પણ માનસિક આરોગ્યની હોસ્પિટલની ઓપીડીમાં દરરોજ જે દર્દીઓ આવે છે તેમાંથી ૬૦ ટકા મહિલાઓ હોય છે. ગર્ભાવસ્થા બાદ કે પ્રીમેનોપેઝલ તબક્કો, પરિવાર સાથે તાલમેલ, ઘરની જવાબદારીને કારણે કારકિર્દી નહીં ઘડી શકવા જેવા પરિબળોથી ડિપ્રેશનની સમસ્યા તેમનામાં વધારે જોવા મળે છે.

ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ દ્વારા આયોજીત નવરાત્રી રાસોત્સવ યોજાયો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

શ્રી ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ - રાજકોટ દ્વારા આયોજીત વન-ડે (બાયબાય) નવરાત્રી રાસોત્સવ - ૨૦૨૩ નું એક દિવસનું સુંદર આયોજન તારીખ ૨૬-૧૦ ગુરૂવાર, સમય : સાંજે ૬ થી ૧૦ કલાકે, રોયલ રજવાડી ગ્રાઉન્ડ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ, પરસાણા ચોક, પેટ્રોલ પંપની સામે, સ્પીડવેલ પાર્ટી પ્લોટ મેઈન રોડ, રાજકોટ ખાતે યોજાયેલ હતો આ કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ ખુબજ સફળતાપૂર્વક માણ્યો તેમજ વાળંદ સમાજના આ વિશાળ કાર્યક્રમને ખોબલે ખોબલે અભિનંદનનો વરસાદ વરસાવ્યો અને આવા સમાજના કાર્યો આ સંસ્થા દ્વારા થતા રહે તેવા આશીર્વાદ મહેમાનો તેમજ જ્ઞાતિજનો ખેલૈયાઓએ આપ્યા હતા.

આ કાર્યક્રમમાં દાંડીયારાસમાં (૮૦૦૦ થી ૯૦૦૦ ખેલૈયા)ઓને તદન ફ્રી (નિઃશુલ્ક) રમાળવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજકોટ તથા આસપાસના ગામોમાંથી ઉપસ્થિત રહેલા વાળંદ સમાજના મહેમાનો / મહાનુભાવો/જ્ઞાતિજનો તેમજ ખેલૈયાઓએ આ સુંદર આયોજન વ્યવસ્થા તથા વિશાળ ગ્રાઉન્ડ તેમજ સાઉન્ડ સીસ્ટમના તથા ગાયક કલાકારોના ખુબજ વખાણ કર્યા હતા.

આ રાજકોટ ખાતેની બહોળા કાર્યકર્તાઓ ધરાવતી એકમાત્ર સંસ્થા ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમીતીને વાળંદ સમાજના આગેવાનો તેમજ મહેમાનો તેમજ ખેલૈયાઓએ ખુબજ અભિનંદનનો વર્ષા વરસાવ્યો અને સમાજને આવા સફળ કાર્યક્રમો કરવા ખોબલે ખોબલે અભિનંદન પાઠવી આવા કાર્યક્રમો સમાજને આપતા રહો તેવા આશિર્વાદ આ સંસ્થાના દરેક કાર્યકર્તાઓને આપ્યા હતા.

શ્રી ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ - રાજકોટ પૂર્વ પ્રમુખ- અરવિંદભાઈ કે. સોલંકી-પૂર્વ ઉપપ્રમુખ નિતીનભાઈ એન.રાઠોડ, પ્રમુખ : ગીરધરભાઈ બગથરીયા - ૮૧૪૧૯ ૧૦૩૩૪, સચીનભાઈ પરમાર (ઉપપ્રમુખ) ૯૨૨૮૪ ૦૩૪૪૦, ભરતભાઈ ધોળકીયા (મંત્રી) ૯૮૨૫૮૨૮૩૩૬, બળદેવ સોલંકી (સહમંત્રી) ૯૪૨૮૨૯૮૩૦૧, લલીતભાઈ પરમાર (ખજાનચી) ૯૮૨૫૨૩૯૧૯૪ તથા સર્વે કાર્યકર્તા ભાઈઓ. રાજકોટ, રાજ ધામેલીયા (૮૩૨૦૦૦૫૬૯૬).

વોર્ડ નં.૧૨ની વોર્ડ ઓફીસ, આરોગ્ય કેન્દ્ર તથા આંગણવાડી કેન્દ્રની મુલાકાત લેતા મેયર

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

મેયર નયનાબેન પેઢડીયા દ્વારા આજે તા.૪ ના રોજ વોર્ડ નં.૧૨ની મુલાકાત લીધી. આ મુલાકાત અંતર્ગત વોર્ડ નં.૧૨માં મવડી વિસ્તારમાં આવેલ આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી કેન્દ્રની સ્થળ મુલાકાત લેવામાં આવેલ. આ મુલાકાત વેળાએ આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધા, સ્ટાફ, સ્ટાફની હાજરી, સ્વચ્છતા, ડેઈલી ઓ.પી.ડી., વેક્સીનેશન તેમજ આંગણવાડી કેન્દ્રમાં બાળકોની સંખ્યા, ઉપલબ્ધ સુવિધા વગેરે બાબતોનું નિરીક્ષણ અને ચકાસણી કરવામાં આવેલ.

આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા ચાલતી વન ડે થ્રી વોર્ડ ફોગીંગ ઝુંબેશ તથા જન જાગૃતિ કાર્યક્રમ અન્વયે વોર્ડ નં.૧૨ની વોર્ડ ઓફીસ ખાતે મુલાકાત લેવામાં આવેલ. આ મુલાકાતમાં વાહકજન્ય રોગોને અટકાવવા માટે મેલેરિયા વિભાગ દ્વારા કરવામાં આવતી ફોગીંગની કામગીરી, લોકોમાં જન જાગૃતિ અર્થે કરવામાં આવતી પત્રિકા વિતરણની કામગીરીમાં હાજરી આપેલ હતી. આ મુલાકાત વેળાએ પૂર્વ મેયર પ્રદીપભાઈ ડવ, કોર્પોરેટર મિતલબેન લાઠીયા, વોર્ડ પ્રમુખ યોગેન્દ્રસિંહ જાડેજા, મહામંત્રી જયેશભાઈ પંડ્યા, ભાજપ અગ્રણી મૌલિકભાઈ દેલવાડીયા, ચેતનભાઈ લાઠીયા ઉપસ્થિતિ રહેલ.

નકલી બીયારણ દ્વારા ખેડૂતને થતી છેતરપિંડી બાબતે ખેડૂતોના હિતની ચિંતા કરતા રામભાઈ મોકરીયા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ખેડૂતો સમૃધ્ધ થાય તે માટે અનેક વિકાસલક્ષી પગલાઓ લીધા છે અને અનેક યોજનાઓ જેવીકે સોઇલ કાર્ડ, પ્રધાનમંત્રી પાક વીમા યોજના, ઇ-નામ, ઓર્ગેનિક ખેતી, નીમ કોટેડ યુરિયાનો ફરજિયાત વપરાશ વગેરે અમલમાં મૂકી છે જેથી ખેડૂત સમૃદ્ધ બને ત્યારે આવી અસરકારક યોજનાના સંદર્ભેમાં ખેડૂતો વેપારીઓ પાસેથી સર્ટિફાઇડ બિયારણ ખરીદે છે અને ખેતરમાં વાવેતર કરીને પાણી અને ખાતરનો ઉપયોગ કરે છે અને છેલ્લે બીયારણ નકલી હોવાથી પાક નિષ્ફળ જાય છે અને અને ખેડૂતને આર્થિક રીતે ખૂબ જ નુકસાન થાય છે. જેથી વેપારીઓ દ્વારા નકલી બિયારણ વેચીને ખેડૂતો પાસેથી ઉંચી કીમત લેવામાં આવે છે ત્યારે આવા સંજોગોમાં ખેડૂતો સાથે છેતરપીંડી થાય છે, તે માટે નકલી બિયારણ વેંચનાર વેપારી સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને વેપારી તરફથી ભોગ બનનાર ખેડૂતને વળતર મળે તથા કાયદાઓમાં સુધારા થાય અને કાયદાની કડક જોગવાઈ થાય તેવું સૂચન ખેડૂત પુત્ર રામભાઈ મોકરીયાએ કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને કેન્દ્રીય કેબીનેટ મંત્રી નરેન્દ્રસીંહ તોમરને પત્ર દ્વારા રજૂઆત કરી છે.

જાહેરમાં ગંદકી કરવા સબબ અત્યાર સુધીમાં સાત શોપ-હોટલ સીલ કરાઈ

જાહેરમાં ગંદકી કરવા બદલ જય ગાત્રાળ પાનની શોપ સીલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

શહેરમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની પાછળ આવેલ જય ગાત્રાળ પાન શોપ દ્વારા જાહેરમાં સ્વચ્છતા જાળવતા ના હોવાથી અને ગંદકી સબબ ન્યુસન્સ ફેલાવતા હોવાથી જાહેર આરોગ્યને નુકસાન કરે તે રીતે જાહેર ગંદકી તેમજ કચરો કરવામાં આવતો હોય, આ બાબતે નોટીસ આપી, વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવેલ. આ ઉપરાંત આ શોપના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના આપવામાં આવેલ. તેમ છતાં જાહેર સ્વચ્છતા ન જળવતા તા.૦૩/૧૧ ના રોજ સ્થળ તપાસ કરતાં શોપની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો. જેથી તા.૦૩/૧૧ ના રોજ સાંજે જય ગાત્રાળ પાન શોપના સંચાલકોને નોટીસ આપીને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

આ અંગે મ્યુનિ. કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ રાખવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે ત્યારે આ અભિયાનમાં લોકો પણ નાગરિકો

ફરજ બજાવે તે અપેક્ષિત છે. જાહેરમાં ગંદકી કરવા સબબ અત્યાર સુધીમાં સાત શોપ / હોટલ (૧) મચ્છોધાણી હોટલ - ત્રિકોણ બાગ ચોક, (૨) દેવજીવન હોટલ - રામાપીર ચોકડી, (૩) આશાપુરા પાન એન્ડ કોલ્ડ્રીંક્સ - એ.જી.ચોક, (૪) હરીયોગી પફ - એ.જી.ચોક, (૫) સત્સંગ પાન - ભાવનગર રોડ, (૬) ડીલક્સ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ - ચુનારવાડ ચોક અને (૭) જય ગાત્રાળ પાન - RMC ઓફિસ પાછળ શોપ / હોટલ સીલ કરવામાં આવી છે અને જો શોપ / હોટલ સંચાલકો સ્વચ્છતા નહી જાળવે તો ધી જી. પી. એમ. સી. એક્ટ - ૧૯૪૯ની કલમ - ૩૭૬ એ હેઠળ સીલીંગ કરવાની કાર્યવાહી વધુ કડક કરવામાં આવશે.

હાલ સરકારની સ્વચ્છતા ઈ સેવા કાર્યક્રમ અંતર્ગત શહેરને તેમજ શહેરની બહારના વિસ્તારો, શહેરને જોડતા હાઇ-વે વિગેરેને સ્વચ્છ કરવા માટે સઘન કાર્યવાહી કરવામાં આવી રહેલ હોય, જાહેરમાં ગંદકી ફેલાવતાં આસામીઓ તેમજ ધંધાર્થીઓને નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલવા તેમજ તેમાં સુધારો ન જણાતા આવા આસામીઓ/ધંધાર્થીઓ સામે તેની દુકાન / ધંધાનું એકમ સીલ કરવા સુધીના આકરા પગલાં લેવામાં આવશે.

રેલ્વે પેન્સનર્સ એસોશિએશનની વાર્ષિક સાધારણ સભાનું આયોજન

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

રેલ્વે પેન્સનર્સ એસોસિએશન રાજકોટ ડીવીઝનની યાદીમાં જણાવ્યું છે કે, સંસ્થાની વાર્ષિક સાધારણ સભા તા.૯ ને ગુરૂવારે સાંજના ૫ વાગ્યે રેલવે પેન્સનર્સ એસોશિએશન રાજકોટ કાર્યાલયે કોઠી કમ્પાઉન્ડ ખાતે રાખેલ છે. તેમ જણાવ્યું છે.

દ્વારકાધીશ હોટલવાળા દેવાભાઈનો આજે જન્મદિવસ

રાજકોટઃ ભાજપ વોર્ડનં.૨ ના પૂર્વ પ્રમુખ અને લોકસેવા કાર્યોમાં હમેશા આગળ રહેતા રેસકોર્ષ રીંગ રોડ ઉપર આવેલ દ્વારકાધીશ હોટલવાળા દેવભાઈ ભરવાડનો આજે ૩૩ વર્ષે પૂર્ણ કરી અને ૩૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. તેઓ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, અંગદાન, ચક્ષુદાન જેવી પ્રવૃતિઓમાં ઉંડો રસ લેવા દેવાભાઈને ઠેરઠેરથી તેમના મોબાઈલ નંબર ૯૬૬૨૧૦૦૦૫૫ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે. તેઓ તંદુરસ્ત રહે અને જીવનમાં પ્રગતિ કરે તેવી શુભેચ્છા રમેશભાઈ રાજપુત, વિક્રમસિંહ જાડેજા, જયવિરસિંહ બસીયા, જીતુભાઈ ગઢવી, સંદીપભાઈ, વિજયભાઈ, વાઘેલાભાઈ, હરેશભાઈ ટોયટા તરફથી પાઠવવામાં આવે છે.

મારા-મારીના ગુન્હામાં ચાર્જશીટ બાદ કલમ-૩૨૫નો ઉમેરો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

ફરીયાદી ખેંગાર જોધાભાઈ સભાડ અને તેના પુત્ર રાજુભાઈ ખેંગારભાઈ સભાડને શેરીમાં ચાલવા બાબતની માથાકુટ થયેલ જેમાં આરોપી ભવાનભાઈ દાનાભાઈ સભાડ અને સિંધાભાઈ ભવાનભાઈ સભાડએ ફરીયાદી અને તેના પુત્રને માર મારેલ જેમાં ફરીયાદીના પુત્રને માથાના ભાગે ઈજા થયેલ. ત્યારબાદ ફરીયાદીએ રાજકોટ કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરીયાદી આપેલ જેમાં કુવાડવા પોલીસ દ્વારા પુરતો પુરાવો ગણી ચાર્જશીટ કરી અદાલતમાં જમા કરાવેલ ત્યારબાદ ફરીયાદી ખેંગારભાઈ જોધાભાઈ સભાડ અને રાજકોટ સરકારી હોસ્પિટલના ડોકટરની જુબાની લેવામાં આવેલ. જેના આધારે ફરીયાદીના વકીલ મેઘરાજસિંહ એમ. ચુડાસમા તથા સરકારી વકીલ દ્વારા સી.આર.પી.સી. કલમ - ૨૧૬ મુજબ તહોમતનામામાં ચાર્જ અલ્ટર (ઉમેરવા) અંગેની અરજી ગુજારેલ. જે અદાલત દ્વારા મંજુર કરી આરોપીઓ ભવાન દાનાભાઈ સભાડ અને સિંધાભાઈ ભવાનભાઈ સભાડ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ-૩૨૫ નો ઉમેરો કરી તહોમતનામામાં કલમનો ઉમેરો કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ.

આ કેસમાં ધારાશાસ્ત્રી મેઘરાજસિંહ એમ. ચુડાસમા અને કૃણાલ એન. દવે મુળ ફરીયાદી વતી રોકાયેલા છે.

યુવા સેના ટ્રસ્ટ રાજકોટ દ્વારા નવયુકત મહાનગરપાલિકાના પદાધીકારીઓનું સન્માન કરાયું

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

યુવા સેના ટ્રસ્ટ રાજકોટ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુકત પદાધિકારીઓ મેયર નયનાબેન વિનુભાઈ પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા) તેમજ સ્ટે. ચેરમેન જયમીનભાઈ ઠાકર તથા દંડક મનિષભાઈ રાડીયાનું યુવા સેના ટ્રસ્ટ દ્વારા મોમેન્ટો આપી અને ખેસ પહેરાવી સન્માન કરવામા આવ્યું. આ સન્માન સમારોહના પ્રોજેકટને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલા સોનલબેન વાછાણી, ધરાબેન વૈશ્નવ, દક્ષાબેન દવે, તેમજ રમાબેનનિમાવત વગેરેએ આ સન્માન સમારોહના પ્રોજેકટને સફળ બનાવ્યુ હતું

એટ્રોસીટીના ગુન્હામાં આરોપી આગોતરા જામીન મુકત

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

ફરિયાદી તેમની નોકરી સબબ કામ પૂરું કરી સાંજના અરસામા ઘરે પરત આવતા હતા ત્યારે માનવ પરમાર ફરિયાદીની પાછળ પોતાનું મોટરસાયકલ લઈને આવી અને ફરિયાદીના ખભા પર રહેલો દુપટ્ટો ખેંચી નીચે ફેંકી દઈ અને કહેલ કે તું ચાલ મારે તારી સાથે સંબંધ બાંધવો છે એવું વર્તન કરતાં ફરિયાદીએ રાડો પાડતા આ માનવ ત્યાંથી જતો રહ્યો અને ઘરે આવી ફરિયાદીએ તેમના માતા પિતાને માનવે છેડતી કરેલાની વાત કરેલ હતી અને ફરિયાદી એ તેના માતા પિતા અને જણાવેલ કે આ પહેલા પણ ઘણી વખત આ માનવ દ્વારા તેની છેડતી કરવામા આવેલ છે તેમ જ ફરિયાદીને માનવ સાથે મૈત્રી સંબંધ હોય તેવી ખોટી વાતો પણ બધે કરતો હતો ફરિયાદીના માતા ઘરે

એકલા હોય ત્યારે માનવના પિતા જયેન્દ્રસિંહ તથા માતા મીનાબા ઘરે આવી ધમકી આપી ગયેલ છે કે મારા દીકરા વિરૂધ્ધ ફરિયાદ કરીશ તો તારી દીકરીને નોકરી કરવા બહાર નીકળશે ત્યારે તેને જાનથી મારી નાખીશું જેથી આ માનવ તથા તેના પિતા તથા તેના માતા વિરુદ્ધ ફરિયાદ નોંધાયેલ હતી જેથી આરોપી મીનાબા જયેન્દ્રભાઈ પરમાર દ્વારા પોલીસ દ્વારા તેઓની ધરપકડ થશે તેવી દહેશત જણાઈ આવતા મીનાબા જયેન્દ્રભાઈ પરમાર દ્વારા રાજકોટની સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટ સમક્ષ આગોતરા જામીન મેળવવા અરજી કરેલ હતી અને કોર્ટ દ્વારા આ અરજી ગ્રાહ્ય રાખી મીનાબા જયેન્દ્રસિંહ પરમારની આગોતરા જામીન અરજી મંજૂર કરતો હુકમ કરેલ હતો.

જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટએ કરેલ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી કોર્ટ દ્વારા આરોપીને આગોતરા જામીન પર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, દયા કે. છાયાણી, નીમેશ જાદવ તથા આસીસ્ટ તરીકે અમાનખાન પઠાણ અને શ્રધ્ધા ખખ્ખર રોકાયેલ હતા.

તંત્રી લેખ

રાજધાની વાયુ પ્રદૂષણની ઝપેટમાં, ગંભીરતા જરૂરી!

દિલ્હી પ્રદૂષણની રાજધાની બની રહી છે. જેની પાછળના કારણો પરાલી સળગાવવી, વાહનોનું ઉત્સર્જન, બાંધકામના કામમાંથી ધૂળ, ઔદ્યોગિક પ્રદૂષણ, ફટાકડા અને લેન્ડફિલમાં આગનો સમાવેશ થાય છે. દિલ્હીના વાતાવરણને બગાડવામાં હવામાનની સ્થિતિ પણ ભૂમિકા ભજવે છે. શિયાળા દરમિયાન સ્થિર પવન આ વિસ્તારમાં પ્રદૂષિત હવાને ઉપર તરફ જતી અટકાવે છે. રાજધાનીમાં પ્રદૂષણનું ત્રીજું કારણ તેની ભૌગોલિક સ્થિતિ છે. દિલ્હીના લેન્ડલોક લોકેશન અને હિમાલયની હાજરીને કારણે ધૂળ અને પ્રદૂષકો એકઠા થાય છે.દિલ્હી-એનસીઆરમાં સ્મોગવાળું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન એવું હતું કે લોકોને આંખોમાં બળતરાં થવા લાગ્યા હતા. તેને જોતાં જ વહીવટીતંત્ર એલર્ટ થઇ ગયું હતું. કમિશન ફોર એર ક્વોલિટી એન્ડ મેનેજમેન્ટ ગુરુવારે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના સ્ટેજ ૩ ને લાગુ કરવા સૂચના આપી હતી. દિલ્હીમાં એક્યુઆઈ ૪૦૨ પર પહોંચી જતાં ગેસ ચેમ્બર જેવો અહેસાસ થઈ રહ્યો છે. બિનજરૂરી નિર્માણકાર્યો પર બેન મૂકી દેવામાં આવ્યો છે. આ સિવાય દિલ્હી સરકાર અને એનસીઆરના અન્ય શહેરોના વહીવટીતંત્રને આગામી થોડા દિવસો માટે બાળકોની શાળાઓ બંધ રાખવા અને માત્ર ઓનલાઈન વર્ગો ચલાવવાની સલાહ આપી છે. મામલાની ગંભીરતાને જોતા દિલ્હી સરકારે આદેશ જારી કર્યો કે રાજ્યમાં પાંચમા ધોરણના બાળકોના વર્ગો આગામી બે દિવસ સુધી બંધ રખાશે. રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળાઓએ આ આદેશનું પાલન કરવાનું રહેશે. કેજરીવાલ સરકારે વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને આ મહત્વનો નિર્ણય લીધો છે. પ્રદૂષણના ખતરનાક સ્તરને જોતા ગુરુગ્રામના ડીએમએ પણ કચરો બાળવા પર કલમ ૧૪૪ લાગુ કરી છે. જિલ્લામાં એક્યુઆઈમાં ઘટાડો અને શહેરમાં ઉચ્ચ સ્તરના પ્રદૂષણની અસરને ધ્યાનમાં રાખીને, ડીએમ નિશાંત કુમાર યાદવે કલમ ૧૪૪ લાગુ કરવાના આદેશો જારી કર્યો હતો. જેમાં ઔદ્યોગિક, શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ખુલ્લામાં પડેલા કચરાને બાળવા પર પ્રતિબંધ મૂક્યો હતો. દિલ્હીની જેમ મુંબઈનું વાતાવરણ પણ ખાસ નથી. શહેરની હવાની ગુણવત્તા ૧૫૦-૨૦૦ એક્યુઆઈ સાથે નબળી શ્રેણીમાં રેટ કરવામાં આવી છે. પ્રદૂષણને કાબૂમાં લેવા માટે બોમ્બે એર પોલ્યુશન કંટ્રોલ બોર્ડે હિન્દુસ્તાન પેટ્રોલિયમ, ટાટા પાવર અને અન્ય કંપનીઓને તેમના ઉત્પાદનમાં અડધોઅડધ ઘટાડો કરવા જણાવ્યું છે. બીજી તરફ, બીસીસીઆઈએ દિલ્હી અને મુંબઈમાં વર્લ્ડ કપ મેચ દરમિયાન ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.

અને કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઇનના 5 Rs.
+5%GST
મિનીમમ ૫ લાઇન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

એડવોકેટ મહેન ગોંડલીયાનો આજે જન્મદિવસ

રાજકોટઃતેમણે વર્ષ ૨૦૧૯ માં સનદ મેળવી રેવન્યુ, ક્રિમિનલ, સિવિલ પ્રેક્ટિસ કરી રહ્યા છે, તેઓ હાલ રાજકોટ બાર. એસો પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ પટેલ સાથે પ્રેક્ટિસ કરી રહ્યા છે તેમણે પોતાના જીવનના યશસ્વી ૨૬ વર્ષ પૂર્ણ કરી ૨૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા સગા સ્નેહી, મિત્ર વર્તુળ, એડવોકેટ્સ, રાજકીય આગેવાનો દ્વારા તેમના મોબાઈલ નંબર ૭૬૦૦૭૬૧૦૭૬ પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી એડવોકેટ મહેન ગોંડલીયાને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ..

સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકોને ૧૨ વર્ષે પણ મળવા પાત્ર લાભોથી વંચિત

મુખ્યમંત્રીને રજૂઆત કરતા કોંગ્રેસ પ્રવક્તા ડો. મનીષ દોશી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)
અમદાવાદ,તા.૪

રાજ્ય સરકારની અનિર્ણાયકતાના કારણે સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકો ૧૨ વર્ષે પણ મળવા પાત્ર લાભોથી વંચિત,બઢતી અને બદલી અંગે પ્રક્રિયા જ ન કરાતા પ્રોફેસરોની ૩૦૮ જગ્યાઓ વર્ષોથી ખાલી જેના લીધે ટેકનીકલ શિક્ષણ લકવાગ્રસ્ત થઈ રહ્યું હોવાની વિગતો સાથે રાજ્યના મુખ્યંમત્રી સહિતને રજુઆત કરતા પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતની સરકારી ડિગ્રી-ડિપ્લોમાં ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપકો સહિત સ્ટાફની મોટાપાયે ખાલી જગ્યા જેમા વિવિધ સંવર્ગમાં ૨૭૪૪ ના મહેકમ સામે ૧૦૦૪ જેટલી જગ્યાઓ ખાલી છે. જેમાં વર્ગ-૧માં ૩૦૮ જગ્યાઓ ખાલી છે. રાજ્ય સરકારે છેલા ૧૨ વર્ષથી બઢતી પ્રક્રિયા જ હાથ ન ધરતા ગુજરાતમાં સરકારી ૧૬ ઈજનેરી કોલેજોના વર્ગ-૧ની ૫૭ ટકા, વર્ગ-૨ ની ... ટકા, વર્ગ-૩ની ૬૬ ટકા અને વર્ગ-૪ની ૭૫ ટકા જગ્યાઓ ખાલી છે.

સરકારી ૩૧ પોલીટેકનીક કોલેજોમાં વર્ગ-૧ની ૫૦ ટકા, વર્ગ-૨ની ૧૦ ટકા અને વર્ગ-૩ની ૭૦ ટકા જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. પરિણામે ટેકનીકલ શિક્ષણ પર મોટા પાયે નુકસાન થઈ રહ્યુ છે. અધ્યાપકોના અભાવે વિદ્યાર્થીઓને ઘનિષ્ઠ શિક્ષણ મળતું નથી. જેની સીધી અસર ભાવિ ઈજનેરોની કારકિર્દી પર પડી રહી છે.

રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકો ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા ઉપેક્ષિત થતા હોવાની લાગણી છેલા અમુક વર્ષોથી અનુભવી રહ્યાં છે. ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ રાજ્યપત્રિત અધિકારી મંડળ દ્વારા અનેક વિવિધ પડતર પ્રશ્નોની રજૂઆત સરકારમાં છેલ્લા કેટલાક વર્ષો થી મુખ્યમંત્રીથી લઈને નિયામક શ્રી ટેકનિકલ શિક્ષણ સુધીના સ્તરે વારંવાર કરવા છતાં પણ તેઓના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આજ દિન સુધી ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ નથી.

સરકારના કોઈ પણ વિભાગમાં કોઈ કર્મચારી/અધિકારી જોડાયાના અમુક વર્ષો બાદ તેઓને ઉચ્ચતર પગાર ધોરણ અથવા બઢતી નિયમાનુસાર અને સમયસર મળી જતી હોય છે, જ્યારે રાજ્યની સરકારી ઈજનેરી કોલેજના અધ્યાપકો ઉચ્ચતર પગાર ધોરણ (કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ) માટે પાછલા આઠ-આઠ વર્ષથી લાયક હોવા છતાં ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવ્યું નથી. ઘણા અધ્યાપકો તો ૧૨ વર્ષ પહેલાં જે પગાર ધોરણ માં નોકરી માં જોડાયા હતા તેજ પગાર ધોરણમાં સેવા કરી રહ્યા છે. જેથી અધ્યાપકોને આર્થિક રીતે મોટું નુકસાન થઈ રહ્યું છે.

વર્ષ ૨૦૧૨ પછી જુજ કિસ્સાને બાદ કરતા આજ દિન સુધી બઢતીની પ્રક્રિયા ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી નથી. સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ ની આશરે ૫૭ ટકા જેટલી જગ્યા ખાલી છે તેમ ડો. મનીષ દોશીએ ખાલી જગ્યાની આંકડાકીય માહિતી સાથે જણાવ્યું છે.

ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસની શકિત સુપર શી ના પ્રદેશ ચેરમેન પદે વૈશાલી શીંદેની વરણી

શહેર પ્રમુખ તરીકે હિરલબા રાઠોડ અને રાજકોટ જીલ્લા પ્રમુખ તરીકે વૈશાલી કુબાવતની પણ નિમણુંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૪

ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના ઈન્ચાર્જ ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસ પ્રમુખ બી.વી. શ્રી નિવાસનનુ અને નેશનલ સેક્રેટરી રાજેશ સિન્હા તેમજ શકિત સુપર શી ના ગુજરાતના ઈન્ચાર્જ હરનીત કૌરની સૂચના અનુસાર ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા દ્વારા ગુજરાત પ્રદેશ શકિત સુપર શી ના ચેરમેન પદે વૈશાલી એચ. શીંદેની નિમણુંક કરવામાં આવી છે.

શકિત સુપર શી હેઠળ ગુજરાતમાં મહિલાઓને જીલ્લા, તાલુકા સ્થરે જોડવામાં આવશે અને યુવા મહિલા સંગઠનને મજબુત કરવામાં આવશે. ૩૩ ટકા મહિલા અનામત હોય ત્યારે વધુને વધુ મહિલઓ રાજકારણમાં જોડાઈએ પ્રયત્ન કરવામાં આવશે. મહિલાઓ પર થતાં અત્યાચારને રોકવા નારી સશકિતકરણને એક નવી દિશા આપવામાં આવશે. આ સાથે શકિત સુપર શીની ટીમ જે મહિલઓ વિવિધ ક્ષેત્રે આગળ વધવા માંગતી હોય તેને શકિત કલબ મદદરૂપ થશે. તેમ તેઓએ જણાવેલ.

સૌરાષ્ટ્ર કાંતી ની મુલાકાતે આવેલા વૈશાલીબેન શીંદે, દિપતીબેન સોલંકી તસવીરમાં નજરે પડે છે.

વૈશાલી શીંદે (૯૮૨૫૬ ૮૫૮૧૫) પહેલા રાજકોટ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ પદે ફરજ આપી ચૂકયા છે. ત્યારે પણ મહિલાઓને આત્મનિર્ભર કરવા માટે મહિલાઓ માટે ફ્રી સિવણ કલાસીસ, કાનુની સલાહ કેન્દ્ર, મહિલા રોજગાર જેવા પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા હતા અને સાથે ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી, વિધાનસભા ઈલેકશનમાં માણાવદના પ્રભારી તરીકે પણ ફરજ નિભાવી ચૂકયા છે.

આ સાથે શકિત સુપર શી ના શહેર પ્રમુખ તરીકે હિરલબા રાઠોડ અને રાજકોટ જીલ્લા પ્રમુખ તરીકે વૈશાલી સંજયભાઈ કુબાવતની પણ નિમણુંક કરવામાં આવી છે. હિરલબા પૂર્વ મહિલા કોંગ્રેસના મહામંત્રી અને સોશ્યલ મિડીયામાં કામગીરી કરી ચૂકયા છે.

આ નિમણુંકને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ, યુથ આઈકોન ઈન્દ્રવિજયસિંહ ગોહેલ, ડો.હેમાંગ વસાવડા, મુકેશભાઈ ચાવડા, ડો.રાજદિપસિંહ જાડેજા, એનએસયુઆઈ પ્રદેશ પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી, આદિત્યસિંહ ગોહેલ, રાજકોટ શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ જાડેજા, રાજકોટ જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ અલ્પેશ આઘરિયા, નિતીનભાઈ ભંડેરી, ઓબીસી પ્રદેશ મહામંત્રી હસુભાઈ ગોસ્વામી, શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દિમીબેન સોલંકી, યોગિતાબેન વાડોલીયા, મીનાબેન જાદવ, કલ્પનાબેન ગોસ્વામી, રચનાબેન જોશી, શોભનાબેન જોશી, ગીતાબેન, રવિભાઈ જીતિયા, અક્ષાંસ ગોસ્વામી, દેવરત જાડેજા, એનએસયુઆઈ શહેર પ્રમુખ બ્રિજરાજ રાણા, બંટી આર્યન, અંજુમ, ભાગ્યરાજ, સોહિલભાઈ જરીયા, વરૂણ જાની, એનએસયુઆઈ જીલ્લા પ્રમુખ રિયાઝ સુમરા તેમજ અન્ય હોદ્દેદારોએ આવકારી શુભેચ્છા પાઠવી હતી.

વોર્ડ નં.૮માં જનભાગીદારી યોજના હેઠળ રસ્તાના સાઈડસોલ્ડરમાં પેવીંગ બ્લોક નાખાવનું કુલ રૂ.૧૪.૫૨ લાખનું કામ મંજુર

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનનો આભાર માનતા વોર્ડના કોર્પોરેટર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૪

શહેરના વોર્ડ નં.૮ માં અમૃત સાગર પાર્ટી પ્લોટ પાસે આવેલ ગુલાબ વાટિકામાં રૂ.૧૪.૫૨ લાખના ખર્ચે જનભાગીદારી યોજના હેઠળ રસ્તાના સાઈડ સોલ્ડરમાં પેવીંગ બ્લોક નાખવાનું કામ આજરોજ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગમાં મંજુર કરવામાં આવેલ છે. આ કામો થવાથી વિસ્તારના લોકોની સુવિધામાં વધારો થશે.આ કામો મંજુર કરવા બદલ મહાનગરપાલિકા વોર્ડ નં.-૮ વોટર વર્કસ સમિતિ ચેરમેન તથા કોર્પોરેટર અશ્વિનભાઇ પાંભર કોર્પોરેટર બીપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડ્યા, પ્રીતીબેન દોશી દ્વારા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર તથા સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોનો આભાર વ્યક્ત કરેલ છે.

આજથી શહેર ભરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો પ્રારંભ, શહેરીજનોને લાભ લેવા અનુરોધ કરતા મુકેશ દોશી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૪

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની યાદીમાં જણાવાયું છે કે આજથી ચૂંટણીપંચ દ્વારા મતદાર યાદી સુધારવાનો ખાસ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ સુધારણા કાર્યક્રમ અંતર્ગત આજ રોજ શનિવાર, આવતીકાલ તા.૫-૧૧ રવિવાર તેમજ તા.૨-૧૨ શનિવાર અને તા. ૩-૧૨ રવિવાર દરમ્યાન દરેક મતદાન મથકમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં નવા મતદારો નોંધવા, નામમાં સુધારા કરાવવા, નામ કમી કરાવવું વગેરે જેવી જરૂરી ફેરફાર કરવા સહીતની કામગીરી ચાલી રહી છે ત્યારે લોકોમાં મતદાન અંગે જાગૃતી આવે તે માટે રાજકોટ શહેર ભાજપ અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ ભાજપના કાર્યકર્તાઓ, બીએલએ દ્વારા ઉપરોકત દિવસો દરમ્યાન રાઉન્ડ ધી કલોક વિવિધ મતદાન મથકો ખાતે

જહેમત ઉઠાવશે અને નવા મતદારો નોંધણી અંગે માહિતી પુરી પાડવામાં આવશે. આ તકે વિધાનસભા-૬૮ના બીએલએ ભાર્ગવ મિયાત્રા, વિધાનસભા-૬૯ના બીએલએ હરેશભાઈ કાનાણી, વિધાનસભા ૭૦ના બીએલએ વિપુલ માખેલા અને વિધાનસભા ૭૧ના બીએલએ પ્રવીણભાઈ પાઘડાર જવાબદારી સંભાળી રહયા છે. તો શહેરીજનોને પોતાના ચુંટણીકાર્ડમાં કોઈ ફેરફાર હોઈ તો સુધારા વધારા કરી લેવા અનુરોધ.

શહેર ભાજપ મહિલા મોરચાના આગેવાનો દ્વારા ભોપાલ મતવિસ્તારમાં બુથ વાઇઝ મીટીંગનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)
રાજકોટ,તા.૪

મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારતનો વિકાસ થાય અને દેશ પ્રગતિના દરેક સોપાનમાં ભારતના સમગ્ર રાજયોનો વિકાસ થાય તે માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક રાજયમાં કાર્યરત થાય તે માટે સતત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતીય જનતા પાર્ટીને તેમના માર્ગદર્શન હેઠળ મધ્યપ્રદેશમાં આગામી વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાય તે માટે ભોપાલ ખાતે પાર્ટીના પ્રચાર માટે રાજકોટ મહાનગરમાંથી શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા,

પ્રદેશ મહિલા મોરચાના કારોબારી સભ્ય રમાબેન હેરભા તેમજ શહેર ભાજપ મહિલા મોરચાના રસીલાબેન પાંભર ભોપાલ ચુંટણીના પ્રચાર માટે મોકલવામાં આવેલ છે. આ તકે મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયાની એક યાદીમાં જણાવેલ છે કે મધ્યપ્રદેશના રાયસેન જીલ્લામાં ઉદયપુરા વિધાનસભાની ચુંટણી ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપવામાં આવેલ છે. આ કામગીરી અંતર્ગત પેજપ્રમુખ,બુથ સમિતી, શકિતકેન્દ્રોના સુદ્દઢ પ્લાનીંગ કરી ભોપાલમાં ભાજપ સરકારનો ભવ્ય વિજય થાય તે માટે બહેનો તરફથી અથાગ પ્રયાસ કરવામાં આવે છે. જેમાં મહિલાઓની નાની નાની જુથ મીટીંગ કરી કમલની તરફેણમાં પોતે તો મતદાન કરે પણ બીજા પરિવારજનોને પણ કરાવે એવી અપીલ કરવામાં આવે છે.

તેમજ રાજસ્થાનના બાગી દોરા શહેર ખાતે પાર્ટીના પ્રચાર માટે રાજકોટ મહાનગરમાંથી ગયેલ શહેર ભાજપ મહિલા મોરચાના પૂર્વ મહામંત્રી અને પૂર્વ કોર્પોરેટર લીનાબેન રાવલ બાગીદોરા ખાતે ભાજપનો ભવ્ય વિજય થાય તે માટે દરેક બુથ વિસ્તારમાં ખુબજ પ્રચાર કરવામાં આવી રહયો છે.

૯૧% તરૂણો અને યુવાનોને તહેવારની પરંપરામાં રસ નથી

તહેવાર દરમિયાન બાળકો, તરૂણો અને યુવાનો વધુને વધુ આનંદ લૂંટવાના પ્રયત્નો કરીને આનંદ અનુભવે છે જ્યારે પ્રોઢ અને વૃદ્ધો જુદીજુદી સમસ્યાઓ અનુભવે છેઃ મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો. ધારા આર. દોશીના માર્ગદર્શનમાં ભવનના વિદ્યાર્થીઓ એ તહેવારોની સામાજિક અને માનસિક અસર પર સર્વે કર્યો

રાજકોટ.તા.૪

તહેવાર દરમિયાન બાળકો, તરૂણો અને યુવાનો વધુને વધુ આનંદ લૂંટવાના પ્રયત્નો કરીને આનંદ અનુભવે છે જ્યારે પ્રોઢ અને વૃદ્ધો જુદીજુદી સમસ્યાઓ અનુભવે છે.

મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો. ધારા આર. દોશીના માર્ગદર્શનમાં ભવનના વિદ્યાર્થીઓ એ તહેવારોની સામાજિક અને માનસિક અસર પર સર્વે કર્યો. આ સર્વેમાં ૬૭૦ તરૂણો અને યુવાનો, ૪૫૦ પ્રોઢ અને ૫૪૦ વૃદ્ધો પાસેથી માહિતી લેવામાં આવેલ. સર્વેના તારણો નીચે મુજબ છે. ૬૮% તરૂણો અને યુવાનો તહેવારના સામાજિક અને સાંસ્કૃતિક મુલીથી અજાણ છે.

૯૦% તરૂણો અને યુવાનો માટે તહેવાર એટલે મોજ મસ્તી.

૯૧% તરૂણો અને યુવાનોને તહેવારની પરંપરા માં રસ નથી.

૮૧% યુવાનો અને તરૂણો માટે તહેવાર એટલે મિત્રો સાથે હરવા ફરવાનો છૂટોદોર.

૭૪% પ્રોઢ માટે તહેવાર આવતા આર્થિક અને વ્યક્તિગત સમસ્યાઓ વધે છે.

તહેવારમાં સંતાનોના શોખ પૂરા કરવા પડશે એવી ૭૨% પ્રોઢ ચિંતા અનુભવે છે.

તહેવારમાં કોઈ સમસ્યા ન આવે એવી ચિંતા ૫૪% પ્રોઢ અનુભવે છે.

ઘરના વડીલો અને સંતાનો ની જરૂરિયાત પૂરી કરવામાં તહેવારની મજા અનુભવાતી નથી એવું ૪૫% પ્રોઢ માને છે.

૮૧% વૃદ્ધ લોકોએ જણાવ્યું કે પહેલા તહેવારો સાથે રહીને ઉજવતા પણ હવે જ્યારે ઘરના બાળકો તહેવારોમાં બહાર ફરવા જતા રહે ત્યારે ઘરમાં એકલાપણુ લાગે છે.

૬૭% વૃદ્ધ લોકોએ જણાવ્યું કે તહેવારોમાં બાળકો ઘર અને સગાઓ

કરતા જયારે મિત્ર વર્તુળ ને જ વધુ પ્રાધાન્ય આપે ત્યારે તહેવારોની સાચી મજા નથી રહેતી.

૭૧% વૃદ્ધોએ જણાવ્યું કે તહેવારોમાં રાત્રે માતા પિતા સાથે કે કુટુંબ સાથે બેસી ઘરનું ભોજન લેવાની જગ્યાએ હોટેલોમાં લાઈનમાં ઉભા રહી રાહ જોવી એ પણ અયોગ્ય અનુભવાય છે

તમામ તહેવારોનું માત્ર ધાર્મિક મહત્વ નથી પરંતુ વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ તેની ઉપયોગીતા ઓછી નથી. ખાસ પ્રસંગો કે તહેવારો પર આપણું સ્વચ્છ અને સુસજ્જ ઘર જોઈને આપણું શરીર અને મન પણ ઉત્સાહિત થઈ જાય છે. સ્વસ્થ અને સુગંધિત વાતાવરણમાં સ્વચ્છ મનથી કરવામાં આવતી પૂજા પણ સંપૂર્ણ રીતે માનસિક શાંતિ આપે છે.

આ તહેવારો અને ઉજવણીઓને કારણે આપણે આપણાં સ્નેહીજનો, મિત્રો અને સ્વજનોને મળીએ છીએ, થોડા સમય માટે તમામ તનાવ ભૂલી જઈએ છીએ અને આપણાં સુખ-દુઃખ વહેંચીએ છીએ અને પ્રિયજનોના પ્રેમ અને સ્નેહના જળથી અભિષેક કર્યા પછી આપણે ખુશ થઈ જઈએ છીએ. આનંદકારક અને ફરી એકવાર આપણે નવી ચેતના અને શારીરિક ઉર્જાનો અનુભવ કરીએ છીએ જે આપણને આખા વર્ષ દરમિયાન ખુશ અને સ્વસ્થ રાખે છે.

તહેવારો આપણા જીવનને ઉત્સવમય બનાવે છે અને સહકાર, પ્રેમ અને સમર્પણનું મહત્વ શીખવે છે. આમ, તહેવારોનું મહત્વ અપાર છે કારણ કે તે આપણા જીવનને પ્રકાશ અને રંગથી ભરી દે છે, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ કરે છે અને આપણને ખુશીઓથી ભરી દે છે.

તહેવારો આપણા જીવનનો અભિન્ન અંગ છે. તેઓ આપણને સામાજિક એકતા, ધાર્મિક ઉત્સાહ અને સાંસ્કૃતિક વારસાના મહત્વપૂર્ણ સંદેશાઓ પ્રદાન કરે છે. ભારતમાં વિવિધ ધર્મો, જાતિઓ અને પ્રદેશોમાં અસંખ્ય તહેવારો ઉજવવામાં આવે છે, જે આપણા જીવનને રંગીન અને આનંદમય બનાવે છે.

તહેવારોનું મહત્વ વિવિધ સ્પર્ધાઓ દ્વારા આપણા જીવનમાં ખુશીઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગો આપણને કુટુંબ અને મિત્રો સાથે સમય પસાર કરવાની અને સંબંધોને મજબૂત કરવાની તક આપે છે.

તહેવારો આપણા ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું પ્રતીક છે. આ આપણને આપણા વારસા પ્રત્યે આદર અને સમર્પણની લાગણી આપે છે. ધાર્મિક તહેવારો આપણને એ મૂલ્યોની યાદ અપાવે છે જેનું આપણે આપણા જીવનમાં પાલન કરવું જોઈએ.

સાંસ્કૃતિક તહેવારો આપણી વિવિધતા અને સમૃદ્ધિને ઉજાગર કરે છે. તેઓ આપણને આપણા વારસાની ગરિમા અને મહત્વનો અહેસાસ કરાવે છે અને આપણને ગર્વ અનુભવવાનો લહાવો આપે છે.

તહેવારોનું સમાજમાં પોતાનું આગવું મહત્વ છે કારણ કે તે સમૃદ્ધિ, સુખ અને સદ્ગુણોને પ્રોત્સાહન આપે છે. તહેવારો આપણા જીવનને ઉત્સવમય બનાવે છે અને સહકાર, પ્રેમ અને સમર્પણનું મહત્વ શીખવે છે.

આમ, તહેવારોનું મહત્વ અપાર છે કારણ કે તે આપણા જીવનને પ્રકાશ અને રંગથી ભરી દે છે, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ કરે છે અને આપણને ખુશીઓથી ભરી દે છે.

સર્વેશ્વર ચોક દુર્ઘટનામાં બાંયધરી અપાઈ હોવા છતાં કોઈ પગલાં નહીં લેવાતા તંત્રની નિયત ઉપર શંકા : ઈન્દ્રનીલ રાજગુરૂ

મ્યુનિસિપલ કમિશનરને ફરી એક વખત આવેદનપત્ર સાથે અલ્ટીમેટમ આપતા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

ગણપતિ મહોત્સવ દરમિયાન યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોકમાં જે દુર્ઘટના બની હતી તેના જવાબદારો સામે હજુ સુધી પગલાં લેવામાં નહીં આવતા મહાપાલિકાના તંત્રની નિયત સામે ઊભી થાય છે તેમ જણાવી કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ ધારા-સભ્ય ઈન્દ્રનીલ રાજગુરુએ જણાવ્યું છે કે આ મુદ્દે અમે ચૂપ બેસવાના નથી અને બાહેધરી પ્રમાણે પગલાં લેવામાં નહીં આવે તો આંદોલનના મંડાણ કરવામાં આવશે.

પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ અને અન્ય કોંગ્રેસી આગેવાનોએ આજે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલને ફરી એક વખત આવેદનપત્ર પાઠવીને અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે આ બાબતે ગત ૧૩ ઓક્ટોબરના રોજ રજૂઆત કરવામાં આવી હતી અને ત્યારે જવાબદારો સામે પગલાં લેવામાં આવશે તેવી બાયધરી આપવામાં આવી હતી. આ ખાતરી અપાયાને ઘણા દિવસો પસાર થઈ ગયા છે આમ છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેથી મહાનગરપાલિકાની નિયત સામે શંકા ઉભી થાય છે.

આ આવેદનપત્રમાં જણાવાયા અનુસાર ગુજરાત રાજ્યમાં અનેક પુલ તુટે છે અનેક શાળાઓના નબળા કામ થાય છે. આ બધી વાસ્તવિકતાઓ ભાજપનો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડે છે ત્યારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ બેદરકારી દાખવે છે અને આવી દુર્ઘટના માટે નિમિત બને છે.

સર્વેશ્વર ચોકની દુર્ઘટનામાં એક મહિલાનું મૃત્યુ થયું હતું અને ૪૦ જેટલા લોકોને ઈજા થઈ હતી. આ ઘટનામાં હજુ સુધી કોઈ પ્રકારના પગલા નહીં લઈને મહાપાલિકાના તંત્રએ જવાબદારોને છાવરવાનું કામ કર્યું છે. આવી માનવ સર્જિત દુર્ઘટનામાં કડકમાં કડક પગલાં લેવા જોઈએ જેથી ભવિષ્યમાં બીજો કોઈ ભ્રષ્ટાચારી આવું નબળું કામ કરે નહીં અને આવી દુર્ઘટનાઓ પણ ન થાય.

બધા જાણે છે કે મહાનગરપાલિકામાં ભાજપ ભ્રષ્ટાચાર કરવામાં માહેર છે અને આ કિસ્સામાં મ્યુનિસિપલ કમિશનર તથા આખા વહીવટી તંત્રને દબાવવામાં પણ સફળ રહ્યું છે એવું અમને લાગી રહ્યું છે.

કારણ કે મ્યુનિસિપલ કમિશનરે બાંયધરી આપી હોવા છતાં પણ કોઈ પણ પગલા લેવામાં આવ્યા નથી.

તેમણે એમ પણ કહ્યું છે કે આ દુર્ઘટનાનો તપાસ રિપોર્ટ લોકોની સામે મૂકવો જોઈએ અને લોકોને સાચી હકીકતથી વાકેફ કરવા જોઈએ.

જો હવેમાં પાલિકાનું તંત્ર કોઈ પણ પ્રકારના પગલાં લેવામાં નિષ્ફળ જશે તો અમે ચૂપ બેસવાના નથી અને તંત્ર સામે આંદોલનના મંડાણ કરશું તેવું અલ્ટીમેટમ પણ આ આવેદનપત્રના અંતમાં આપવામાં આવ્યું છે.

ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે રૂ. ૪૦.૭૧ લાખના ખર્ચે નવા નવજાત શિશુ સારવાર કેન્દ્રનો શુભારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

રાજકોટ જિલ્લાની ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે રૂ.૪૦.૭૧ લાખના ખર્ચે નવા નવજાત શિશુ સારવાર કેન્દ્ર (SNCU)નો શુભારંભ સાંસદ સભ્ય રમેશભાઈ ધડુકના હસ્તે કરાયો હતો. ભારત સરકારના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાની સરકારી હોસ્પિટલ ખાતે પ્રસૂતિ વિભાગની સુવિધામાં વધારો થાય અને નવજાત બાળકને સઘન સારવાર માટે અન્યત્ર જવું ન પડે તે માટે સરકારી હોસ્પિટલ ગોંડલ ખાતે જ દસ બેડનું નવજાત શિશુ સારવાર કેન્દ્ર (સ્પેશ્યલ નિયોનેટલ કેર યુનિટ - SNCU) તૈયાર કરવામાં આવ્યું છે.

આ SNCUમાં નવજાત બાળકને તેની માતાના ગર્ભ જેટલી ગરમી પુરી પાડતા આધુનિક વોર્મર, ખુબજ ઝીણવટભર્યા પ્રમાણમાં દવા આપવા માટેના સિરીન્જ પંપ, ઓકિસજન તથા ધબકરા માપવાનું મોનીટર, બાળ કમળા માટે LED ફોટો થેરાપી ઉપરાંત અધુરા માસે જન્મેલ બાળકને સપોર્ટ માટે જરૂરી અતિ આધુનિક બબલ C-PAP અને જરૂરી મોંઘી દવા સરફેકટન્ટ તેમજ સારવાર મળી રહેશે. SNCU કાર્યરત કરવા માટે ૧૦ નર્સિંગ સ્ટાફ તેમજ ૩ રેસીડેન્ટ ડોકટરને PDU મેડીકલ કોલેજ માંથી જરૂરી તાલીમ આપવમાં આવેલ છે.

આ SNCU માટે રૂ. ૨૦.૬૧ લાખ કલેકટર દ્વારા લોકમેળાના ફંડમાંથી આપવામાં આવેલ છે તેમજ રૂ. ૭.૮ લાખની કિંમતના બે આધુનિક C-PAP મશીન સુઝલોન કંપની તરફથી CSR ફંડમાંથી મળેલ છે. અન્ય આધુનિક સાધનોનો RKS ગ્રાન્ટમાંથી મળેલ છે. આમ, કુલ રૂ. ૪૦.૭૧ લાખના ખર્ચે તૈયાર થયેલ આ કેન્દ્ર દ્વારા ગોંડલ તાલુકાના તેમજ આસપાસના ગામોના નવજાત શિશુઓને રાજકોટ આવ્યા વિના તાલુકા કક્ષાએ જ શ્રેષ્ઠ સારવાર મળી રહેશે. SNCU ખાતે અધુરા મહીને જન્મેલ બાળકને થતા વિવિધ શ્વાસની તકલીફ જેવીકે RDS,TTN માટેની સારવાર. નવજાતને થતા કમળા,નવજાત ને ફેફસા,બ્લડ કે મગજમાં થતા ચેપની સારવાર,લોહીનું ઓછુ ભ્રમણ (SHOCK) આંચકી આવવી,અથવા જન્મીને રડેલ ન હોય તેની સારવાર, શરીરનું યોગ્ય તાપમાન જાળવી ન શકતા બાળકની સારવાર, જન્મજાત ખોડખાંપણ માટે શરૂઆતની સારવાર અને જરૂર પડ્યે યોગ્ય ઓપરેશન માટે માર્ગદર્શન, માતા તથા બાળકને સ્તનપાન માટે થતી તકલીફ માટે યોગ્ય સલાહ તથા સારવાર, જન્મથી ૧ મહિના સુધી ઉદભવતી સમસ્યા માટે માર્ગદર્શન તથા સારવાર, જન્મથી ૧ મહિના સુધીના વિકાસનું મોનીટરીંગ વગેરે સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં કલેકટર પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, પ્રાંત અધિકારી રાજેશ આલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પી. કે. સિંગ, સરકારી હોસ્પિટલ ગોંડલના અધિક્ષક ડો. ભાલાળા તેમજ બાળ રોગ નિષ્ણાંત ડો. માલા તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને જસદણ નગરપાલિકા, સિંચાઈ તથા પાણી પુરવઠા વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવ-ળીયાના અધ્યક્ષસ્થાને જસદણ નગરપાલિકા, સિંચાઈ તથા પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જસદણ તાલુકા સેવા સદન ખાતે આયોજિત આ બેઠકમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પ્રગતિ હેઠળ તથા શરૂ કરવાના બાકી વિકાસ કામો વિવિધ વિભાગો વચ્ચે સંકલન કરીને સમયસર પૂર્ણ કરવા તાકીદ કરી હતી. તેમજ તળાવોના નિર્માણ માટે જમીન સંપાદન અને મશીનરીઓની જરૂરિયાત, કેનાલોનો સર્વે, રીપેરીંગ અને સફાઈ, ખેડૂતોની જરૂરિયાત મુજબ વાવેતર માટે પાણી છોડવું, ચેકડેમ અને કોઝવેની ચકાસણી, કૂવા અને પાઈપલાઈનના બાંધકામ સહિતની કામગીરી અંગે આવશ્યક સૂચનો આપ્યા હતા. મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જસદણ અને વિંછીયા તાલુકાના દરેક ગામોને સિંચાઈની ઉત્તમ સગવડો પૂરી પાડવા તેમજ સૌની યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, નલ સે જલ યોજના સહિત પાણી અને સિંચાઈને લગતી સરકારી યોજનાના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ સ્વભંડોળ, ગ્રાન્ટ, ટેન્ડર પ્રક્રિયા અને પ્રોજેક્ટ મંજૂરી અંગે ચર્ચા-વિચારણા કરી હતી.આ તકે પ્રાંત અધિકારી રાજેશભાઈ આલ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના અધિક્ષક અંકિતભાઈ ગોહેલ, સિંચાઈ વિભાગના અધિક્ષક ઈજનેર કે. એચ. મહેતા, એક્ઝિક્યુટિવ એન્જિનિયર સી. પી. ગણાત્રા, વાસ્મોના ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર સંજયભાઈ પાનસુરીયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.

દિલ્હી ખાતે આયોજિત ''વર્લ્ડ ફૂડ ઈન્ડિયા-૨૦૨૩''ના નોલેજ સેશનમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ થયા સહભાગી

વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૩ના ભાગરૂપે આણંદ ખાતે એગ્રો ફૂડ પ્રોસેસિંગ વિષય પર આયોજિત ''પ્રી-વાઈબ્રન્ટ સમિટ'' માટે ઉદ્યોગકારોને આવકારતા કૃષિ મંત્રી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રયત્નોથી ગુજરાતના કૃષિ ક્ષેત્રે આવ્યું ક્રાંતિકારી પરિવર્તનઃ રાઘવજી પટેલ

દિલ્હી,તા.૦૪

કૃષિ મંત્રી રાઘવજી પટેલે દિલ્હી ખાતે આયોજિત વર્લ્ડ ફૂડ ઈન્ડિયા-૨૦૨૩ દરમિયાન ''ફૂડ પ્રોસેસિંગ-અમૃતકાળનું વિકસતું ક્ષેત્ર'' વિષય પરના સ્ટેટ નોલેજ સેશનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે રાજ્યના વિકાસ માટે કરેલા વિવિધ પ્રયત્નોના પરિણામે છેલ્લા બે દાયકામાં ગુજરાતના કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાનના પ્રયાસોને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે, અને કૃષિ ક્ષેત્રે ગુજરાતને અગ્રણી રાજ્ય બનવા તરફ દોરી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતે ત્રિ-દિવસીય ''વર્લ્ડ ફૂડ ઈન્ડિયા-૨૦૨૩'' કાર્યક્રમની દ્વિતીય આવૃત્તિનો શુભારંભ કરાવ્યો હતો. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા કાર્યક્રમમાં ગુજરાત પાર્ટનર સ્ટેટ તરીકે જોડાયું છે. ગુજરાત રાજ્ય તરફથી આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ એ. કે. રાકેશ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના મેનેજીંગ ડીરેક્ટર ડી. એચ. શાહ સહભાગી થયા હતા.

દિલ્હી ખાતે વર્લ્ડ ફૂડ ઈન્ડિયા કાર્યક્રમના શુભારંભ બાદ ''ફૂડ પ્રોસેસિંગ-અમૃતકાળનું વિકસતું ક્ષેત્ર''ની થીમ પર એક વિશેષ સ્ટેટ નોલેજ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ મંત્રીએ આ સેશનને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, દેશના ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રના વિકાસમાં ગુજરાતનું યોગદાન મહત્વપૂર્ણ છે. ગુજરાતની વૈવિધ્યસભર ભૌગોલિક પરિસ્થિતિના અને પ્રાકૃતિક વાતાવરણ જ તેની વિશેષતા છે અને તેને અનુરૂપ ૪૦થી વધુ પ્રકારના પાકોનું રાજ્યમાં વાવેતર થાય છે. ગુજરાત આજે નવી જણસીઓના ઉત્પાદનમાં દેશ નહિ, પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રથમ સ્થાને છે. પરિણામે આજે ગુજરાત કૃષિ ઉદ્યોગની સ્થાપના માટે પણ પ્રથમ પસંદગી બની રહ્યું છે. સાથે જ, છેલ્લા બે દાયકા દરમિયાન ગુજરાતના બાગાયતી ખેતીનો વ્યાપ પણ ત્રણ ગણો વધ્યો છે.

વધુમાં કૃષિ મંત્રીએ આ સેશન દરમિયાન કૃષિ ક્ષેત્રે ગુજરાતની વિવિધ સિદ્ધિઓ, ખેડૂતોની આવક બમણી કરવા રાજ્ય સરકાર દ્વારા શરુ કરાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, કાર્યક્રમો અને મહત્વપૂર્ણ નિર્ણયો અંગે સૌને માહિતગાર કર્યા હતા. સાથે જ મંત્રીએ ઉદ્યોગકારોને ગુજરાતના કૃષિ ક્ષેત્રે રોકાણ કરવા માટે આવકાર્યા હતા, તેમજ ઉદ્યોગ માટે ગુજરાતમાં ઉપલબ્ધ વિવિધ સુવિધાઓ અંગે પણ વિસ્તારથી વાત કરી હતી.

મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા. સાથે જ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પણ પ્રારંભ કરાવ્યો હતો. આજે વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૩ના ભાગરૂપે, કૃષિ વિભાગ દ્વારા આણંદ ખાતે તા.૭ ડીસેમ્બરના રોજ એગ્રો ફૂડ પ્રોસેસિંગ વિષય પર ''પ્રી-વાઈબ્રન્ટ સમિટ''નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટમાં સહભાગી થઇ ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી થવા મંત્રીએ રોકાણકારોને અનુરોધ કર્યો હતો.આ સેશન પૂર્વે કૃષિ મંત્રી રાઘવજી પટેલે ''વર્લ્ડ ફૂડ ઈન્ડિયા-૨૦૨૩'' અંતર્ગત ચાલી રહેલી પ્રદર્શનીમાં સ્થિત ગુજરાતના સ્ટોલનો પણ શુભારંભ કરાવ્યો હતો.

રાજકોટ બાર એસોસીએશન એડવોકેટ વેલફેર ફંડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

રાજકોટના એડવોકેટ વેલફેર ફંડ ના સભ્ઓએ પોતાની આગલા વર્ષ ની તથા બાકીના વર્ષની વાર્ષીક ફી ભરવાની બાકી હોય તેઓએ આગામી તારીખ-૩૦ સુધીમા વાર્ષીક ફી ભરીને રીન્યુ કરાવી લેવા વિનંતી.રાજકોટ બાર એશોસીએશનના વકીલઓ કે જે રાજકોટ બાર એસોસીએશનમાં નોંધાયેલા હોય અને રાજકોટના એડવોકેટ વેલફેર ફંડના વાર્ષીક મેમ્બર હોય તે મેમ્બરે વેલફેર ફંડની ફી ભરવાની બાકી હોય તે સભ્યોએ આગામી તારીખ-૩૦ સુધીમા પોતાની સભ્ય ફી ભરીને પોતાનુ સભ્ય પદ રીન્યુ કરવા વિનંતી છે. આગામી તારીખ-૩૦ બાદ જે સભ્યોની વાર્ષીક સભ્ય ફી ભરેલ નહી હોય તેઓનુ રાજકોટ બાર એશો. એડવોકેટ વેલફેર ફંડના મેમ્બર તરીકેનુ સભ્ય પદ રદ કરવામાં આવશે તથા તેવા સભ્યોને રાજકોટ વેલફેર ફંડ માથી મળતા લાભો મળી શકશે નહી તેવુ આ યાદીથી સ્પષ્ટ જણાવવામા આવેલ છે.વેલફેર ફંડની યોજનાથી એડવોકેટના પરીવારને યથાશકિત આપણે મદદરૂપ થઈ આપન શકીએ છીએ જેમા તમારો પણ ફાળો સમાયેલો છે જેથી તાત્કાલીક રીન્યુઅલ ફી રાજકોટ બાર એસોસીએશન એડવોકેટ વેલફેર ફંડની ઓફીસ કે જે સીવીલ કોર્ટ બીલ્ડીંગ પહેલા માળે રૂમ નંબર-૧૦૭ મોચી બજાર રાજકોટ ખાતે જમા કરાવી જવા વિનતી છે તેમ રાજકોટ બાર એશોસીએશન એડવોકેટ વેલફેર ફંડના ચેરમેન મંયકભાઈ આર. પંડયા તથા સેક્રેટરી કેતનભાઈ ડી. શાહની યાદીમા જણાવવામા આવેલ છે.

અવસાન નોંધ

રાજકોટઃ ગંગાસ્વરૂપ સ્વ.સવિતાબેન હિરાભાઈ ટાંક (ઉ.વ.૭૫)તેઓ સ્વ. હિરાભાઈ કેશવજી ટાંકના પત્ની, ઘનશ્યામભાઈ, હિતેષભાઇ અને સ્વ.મનીષભાઈના માતાનું તા.૩-૧૧ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૬-૧૧ ને સોમવારે સીતારામ સોસાયટી-૩, ચામુંડા નિવાસ, ફાયર બ્રિગેડ નજીક કોઠારીયા રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ દરમિયાન રાખેલ છે. ઘનશ્યામભાઈ ૯૬૨૪૬ ૧૮૧૯૩ અને હિતેષભાઇ ૯૮૯૮૪૬૪૫૪૪ પર સંપર્ક કરવો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રધ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5% GST
ફિક્સ સાઈઝથી વધુ સાઈઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

PACKAGINGHUB
प्रोडकट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા

રસ્તા પર નડતરરૂપ ૩૩ રેકડી-કેબીન જપ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખઃ૨૫/૧૦ થી તાઃ૩૧/૧૦ દરમ્યાન શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જમી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

અમિન માર્ગ, નાણાવટી ચોક, રામાપીર ચોકડી, કન્યા છાત્રાલય, ક્રિષ્ટલ મોલ સામે, ચુનારાવાડ, આજીડેમ ચોકડી, ગ્રિનલેન્ડ ચોકડી, જ્યુબેલી, જે.જે.કુડલિયા કોલેજ વાળી શેરી, ભક્તિનગર સ્ટેશન રોડ, રેલ્વે જંકશન રોડ પાસેથી રસ્તા પર નડતર રૂપ ૩૩ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

રામાપિર ચોકડી, પુષ્કરધામ મેઈન રોડ, રૈયા રોડ, કન્યા છાત્રાલય, પાટીદાર ચોક, ચુનારાવાડ ચોક, ગ્રિનલેન્ડ, બસ સ્ટેશન રોડ, મોચીનગર, જ્યુબેલી માર્કેટ, લાખાજીરાજ રોડ, મોટી ટાકી ચોક, હોસ્પિટલ ચોક, ગાયત્રીનગર મેઈન રોડ પરથી જુદીજુદી અન્ય ૨૨૫ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

રૈયાધાર મેઈન રોડ, લાખના બંગલા વળો રોડ. વેસ્ટ ઝોન વિસ્તાર, કાલાવડ રોડ, ગોવર્ધનચોક, ત્રિકોણબાગ, યાજ્ઞિક રોડ, લિમડા ચોક, આહિર ચોક, એસ્ટ્રોન ચોક પાસેથી ૧૧૧૧ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

શહેરના વિવિધ એન્ટ્રી/એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૨.૫ ટન કચરાનો નિકાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે તા.૪/૧૧ ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી ૨.૫ ટન કચરાનો નિકાલ કરવામાં

આવેલ.

શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ જેવા કે, (૧) કાંગશિયાળીથી ગોંડલ ચોકડી અને (૨) ગોંડલ ચોકડીથી પુનીતનગર સુધીના પોઈન્ટ ખાતેથી કુલ ૦૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ, તેમજ પૂર્વ ઝોન વિસ્તારના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ કેવા કે, (૧) ભાવનગર રોડ અને (૨) કુવાડવા રોડ સુધીના પોઈન્ટ ખાતેથી કુલ ૧.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ કમિશનરના માર્ગદર્શન અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જાંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

વોર્ડ નં.૯ માં રૂ.૧૭.૦૮ લાખના ખર્ચે ઈન્ટર લોકીંગ પેવીંગ બ્લોક નાખવાનું કામ મંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

રાજકોટ શહેરના વોર્ડ નં.૯માં નટરાજનગર આવાસ યોજના(પાર્ટ)માં ઈન્ટરલોકીંગ પેવીંગ બ્લોક કુલ રૂ.૧૭.૦૮ લાખના ખર્ચે નાખવાનું કામ આજરોજ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગમાં મંજુર કરવામાં આવેલ છે.

આ કામ થતા વિસ્તારમાં રહેતા તમામ લોકોની સુવિધામાં વધારો થશે.

આ કામો મંજુર કરવા બદલ વોર્ડ નં.૯ના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને કોર્પોરેટર પુષ્કરભાઇ પટેલ, કોર્પોરેટર જીતુભાઈ કાટોળીયા, આશાબેન ઉપાધ્યાય, દક્ષાબેન વસાણી દ્વારા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર તથા સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોનો આભાર વ્યકત કરેલ છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી' ના ક્રાઈમ રિપોર્ટર પરાગ જાટીયાનો કાલે જન્મદિવસ

રાજકોટઃ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' ના ક્રાઈમ રિપોર્ટર પરાગ જાટીયાનો આવતીકાલે રવિવારે જન્મદિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૨૩ વર્ષ પૂર્ણ કરી ૨૪ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ખુબ નાની ઉંમરમાં જીવનમાં આગળ વધવા માટે ઘડિયાળના કાંટાની સામે ક્યારેય નહીં જોઈ સતત મહેનત કરી આગળ વધી રહ્યા છે. આવતીકાલે તેઓના જન્મદિવસે સ્નેહી, મિત્ર વર્તુળ, તેમના મોબાઈલ નંબર ૯૪૦૯૭ ૫૭૦૬૨ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ-બેંગ્લોર દ્વારા ગરબા નાઈટ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ-બેંગ્લોર દ્વારા ગત તારીખ ૨૯ ઓકટોબરના રોજ બેંગ્લોરની ધરતી પર સ્નેહમિલન અને ગરબા નાઈટ કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બેંગ્લોર ખાતે મોટી સંખ્યામાં લેઉવા પટેલ સમાજના પરિવારો વસવાટ કરી રહ્યા છે. ત્યારે તમામ પરિવારો એકજૂટ થઈને એકબીજાને મદદરૂપ થઈ શકે અને સામાજિક સંગઠન મજબૂત બની રહે તે હેતુંથી વર્ષોથી બેંગ્લોરમાં શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ- બેંગ્લોર ટ્રસ્ટ બન્યું છે. ત્યારે આ ગ્રુપ દ્વારા અવાર નવાર સામાજિક-ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. ગત તારીખ ૨૯ ઓકટોબરને શરદ પૂર્ણિમાના રોજ બેંગ્લોરના બનારઘાટા રોડ પર આવેલા કલ્યાણી કલામંદિર ખાતે સ્નેહમિલન અને ગરબા નાઈટ કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન કરાયું હતું. જેમાં સૌએ સાથે મળીને મા ખોડલની આરતી કરી હતી અને ત્યારબાદ મહાનુભાવોનું સન્માન અને વકતવ્ય યોજાયું હતું. ત્યારબાદ સૌએ સાથે મળીને ગરબે રમીને મા ખોડલની આરાધના કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. નરેશભાઈ પટેલે સમાજની એકતાના લાભાલાભના ઉદાહરણ આપ્યા હતા. તથા વતનથી દૂર વસેલા સમાજના પરિવારને લેઉવા પટેલ સમાજ વિશે સરસ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તદ્ ઉપરાંત શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ દ્વારા ભવિષ્યમાં થનારા આયોજન વિશે સરસ માહિતી પૂરી પાડી હતી. આપણો લેઉવા પટેલ સમાજ બીજા સમાજને પણ મદદરૂપ થાય અને તમામ સમાજ એકબીજાના સહયોગથી આગળ વધે તેવી મા ખોડલને પ્રાર્થના કરી હતી જેથી કોઈપણ સમાજના સભ્યોને ભવિષ્યમાં કોઈ પણ જગ્યાએ તકલીફના પડે તેવી અપેક્ષા રાખી હતી.

આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી અને કચ્છ વાગડ લેઉવા પટેલ સમાજના અગ્રણી ભચુભાઈ અરેઠીયા, શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી બકુલભાઈ સોરઠીયા, શૈલેષભાઈ અકબરી હાજર રહ્યા હતા. કચ્છ વાગડ લેઉવા પટેલ સમાજ બેંગ્લોરના પ્રમુખ અંબાલાલ પટેલ, ભરતભાઈ બોદર સહિતના મહેમાનો હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ બેંગ્લોર દ્વારા કરાયું હતું. જેમાં બેગ્લોરમાં વસતા લેઉવા પટેલ સમાજના અંદાજે ૧૧૦૦થી વધુ સભ્યો પરિવાર સાથે જોડાયા હતા. મહત્વનું છે કે, શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજની સ્થાપક સમિતિ ૧૬ સભ્યોની છે જેમાં. ૧. દિનેશભાઈ મૂંગરા(પ્રમુખ) ૨. શૈલેષભાઈ ગજેરા (ઉપ પ્રમુખ) ૩. સંજયભાઈ કુમ્મર (ઉપ પ્રમુખ) ૪. લલિતભાઈ ઢોલરીયા (ઉપ પ્રમુખ) ૫. પ્રશાંતભાઈ સોરઠીયા (સચિવ) ૬. મુકુંદભાઈ પીપળવા (ઉપ સચિવ) ૭. હિતેશભાઈ ઝાલાવાડિયા (ખજાનચી) ૮. શૈલેષભાઈ વઘાસિયા (ઉપ ખજાનચી) ૯. પરેશભાઈ પીપળીયા (સ્થાપક સભ્ય) ૧૦. રાહુલભાઈ બાલધા (સ્થાપક સભ્ય) ૧૧. બિપીનભાઈ ડોબરિયા (સ્થાપક સભ્ય) ૧૨. રાજુભાઈ મોણપરા (સ્થાપક સભ્ય) ૧૩. અલ્પેશભાઈ ગજેરા (સ્થાપક સભ્ય) ૧૪. અનિલભાઈ હિરપરા (સ્થાપક સભ્ય) ૧૫. રમેશભાઈ વોરા (સ્થાપક સભ્ય) ૧૬. મહેશભાઈ ધડુક (સ્થાપક સભ્ય)ની ભારે મહેનતથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ ઉપરાંત આ કાર્યક્રમને ભવ્ય બનાવવામાં ૫ કાર્યકર્તાની ટીમે ભારે જહેમતથી સાથ આપ્યો હતો. જે ૫ ટીમ ૧. જય જવાન ૨. જય કિશાન ૩. જય સરદાર ૪. જય પાટીદાર. ૫. રાણી લક્ષ્મી બાઈ (મહિલા સમિતિ) એ ખુબ સારો સાથ સહકાર આપ્યો હતો.

વી. એમ. મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ દ્વારા

'રાષ્ટ્રીય આયુર્વેદ' દિવસની ઉજવણી અંતર્ગત ''હેલ્થ એક્સપો-આયુર્વેદ''નું આયોજન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

વી. એમ. મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ કોલેજ ખાતે તાજેતરમાં કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય દ્વારા નિર્ધારિત કરેલ 'હર દિન હર કિસી કે લિયે આયુર્વેદ'ની થીમ સાથે આઠમાં 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ'ની ઉજવણી અંતર્ગત 'હેલ્થ એક્સપો-આયુર્વેદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ થી વધુ લોકોએ મુલાકાત લઈને આયુર્વેદના સિધ્ધાંતો, આહાર-વિહાર અને સ્વાસ્થ્ય અંગેના નિયમોની જાણકારી મેળવી હતી.

આ હેલ્થ એક્સપોનું ઉદ્દેશ્ય આયુર્વેદ વિશે વિદ્યાર્થીઓ તેમજ જન સમુદાયને માહિતી આપી આયુર્વેદના સ્વાસ્થ્ય રક્ષણના નીતિ નિયમોથી જાગૃત કરવાનું હતું. આ હેલ્થ એક્સપોમાં વી.એમ.મહેતા કોલેજ ઓફ આયુર્વેદના લગભગ તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ હેલ્થ એક્સપોની શરૂઆત ખૂબ જ સ્વાસ્થ્યવર્ધક અને સ્વાદ પૂર્ણ પાનક મિશ્રેયાપાનકથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ આયુર્વેદ વિશે જ્ઞાનસભર માહિતી આપતા વિવિધ સ્લોગન્સ, પોસ્ટર્સ,

રિલ્સ અને શોર્ટ ફિલ્મસ, રંગોળીઓ બનાવી કલાત્મક માધ્યમથી સામાન્ય લોકો સરળતાથી સમજી શકે તે રીતે રજૂ કર્યા હતા. જેમાં આયુર્વેદના મહત્વના સિદ્ધાંતો જેવા કે આહાર, નિંદ્રા, બ્રહ્મચર્યનું જ્ઞાન, વ્યાયામનું મહત્વ, ઘરગથ્થુ મસાલાઓનો આહારમાં ઉપયોગ, દિનચર્યા, ઋતુચર્યા, માનસિક સ્વાસ્થ્ય વગેરેની અર્થસભર માહિતી ખૂબ જ કલાત્મક રીતે આપી હતી. આ ઉપરાંત આજની મોબાઈલ જનરેશન આયુર્વેદ અપનાવે એ હેતુથી ''આઈ વીલ ફોલો આયુર્વેદ'' એવા શપથ સાથેનો સેલ્ફી પોઈન્ટ પણ બનાવેલો હતો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા આયુર્વેદ સાથે સંકળાયેલ રોજબરોજ વપરાતા નાના પણ દૈનિક સ્વાસ્થ્ય માટે જરૂરી એવા નિયમોના ખૂબ જ સુંદર પ્રોપ્સ પણ બનાવેલ હતા જે વિદ્યાર્થીઓમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.

કાર્યક્રમની પૂર્ણાહુતિ માટે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઇનામ તેમજ સર્ટિફિકેટ આપી ઉત્સાહ વધાર્યો હતો. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર જય મહેતા, પ્રિન્સિપાલ ડો. ગિરિરાજસિંહ ગોહિલ તેમજ વાઈસ પ્રિન્સિપાલ અને ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી ડો.દેવાંગી ઓઝા તેમજ સંહિતા સિદ્ધાંત વિભાગના સ્ટાફ તથા કોલેજના અન્ય સ્ટાફ નેતૃત્વ હેઠળ સમગ્ર હેલ્થ એક્સપોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા વતી આ એક્સપો-આયુર્વેદના આયોજન માટે જહેમત ઉઠાવનાર તમામનો આભાર માનીને સૌને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૩/૧૧ ના રોજ તુલસીપત્ર નિવાસ-B, જયરામ પાર્ક, કોઠારીયા રોડ, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૧૦ રહેવાસીઓ જોડાયેલ.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

એડવોકેટ ફેનીલ મહેતા સીએ બેલા મહેતાની ઓફીસનો શુભારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ગુજરાત હાઈકોર્ટમાં ઈન્કમ ટેક્ષ અને જી.એસ.ટી. ની પ્રેકટીસથી સહ વિશેષ ખ્યાતી પ્રાપ્ત કરના જાણીતા અને યુવા એડવોકેટ ફેનિલ મહેતા તેમજ જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ બેલા ફેનીલ મહેતાની નવી ઓફીસનો ઉદ્ઘાટન સમારોહ આવતીકાલે તા.૫ રવિવારનાં રોજ ૪૧૫- વન દ્વારકા, ટાગોર રોડ, રાજકોટ ખાતે કરવા જઈ રહયા છે. આ તકે તેમના મોબાઈલ નંબર ૯૦૩૩૩૭ ૨૨૪૮૨ ઉપર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહયો છે.

વોર્ડ નં.૧૫ માં નવી વોર્ડ ઓફિસ બનાવવાના કામો મંજૂર કરતા સ્ટે.ચેરમેન જયમીન ઠાકર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪ઃ મહાનગર પાલિકાની બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા એક યાદીમાં જણાવે છે કે, રાજકોટ શહેરના વોર્ડ નં.૧૫માં સમાવિષ્ટ વિસ્તારમાં નેશનલ હાઈવેને લાગુ આજી નદીના પુલ પાસેની જમીન પર મિયાવાકી પધ્ધતિથી ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવાનું હોય, ઢોર/પશુઓથી રક્ષણ માટે રૂ.૧૭ લાખના ખર્ચે અંદાજે ૨૦૦૦ રનીંગ મીટરમાં ફેન્સીંગ કરવાનું કામ ઉપરાંત રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે ૮૦ ફટ રોડ પર હયાત વોર્ડ ઓફીસ દુર કરી રૂ.૬૮.૬૭ લાખના ખર્ચે નવી અદ્યતન વોર્ડ ઓફીસ બનાવવાનું કામ, જેમાં ૧૯૪ ચો.મી.માં ગ્રાઉન્ડ ફલોર પર પ્રતીક્ષા ખંડ, વોર્ડ ઓફિસર, ટેક્ષ સ્ટાફ, એસ્ટેટ સ્ટાફ,

એસ.આઈ./એસ.એસ.આઈ. માટે ઓફીસ રૂમ તથા ૧૯૪ ચો.મી.માં ફર્સ્ટ ફલોર પર વેઈટીંગ એરિયા, કોન્ફરન્સ રૂમ, વોર્ડ એન્જીનીયર તથા ટેકનીકલ સ્ટાફ માટેની અલાઈડી બેઠક વ્યવસ્થા, સ્ટોર/સર્વર રૂમ, તેમજ પાર્કિંગ તથા બંને માળ પર ટોઈલેટ બ્લોક સહિતની સુવિધા ઉભી કરવામાં આવશે.

આમ કુલ મળીને રૂ.૮૫.૬૭ લાખના કામો આજે તા.૪ ના રોજ મળેલ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજુર કરવામાં આવેલ છે. આ વિકાસ કામ થતા વોર્ડ નં.૧૫ તથા આસપાસના વિસ્તારમાં રહેતા તમામ લોકોની સુવિધામાં વધારો થશે. આ વિકાસ કામો મંજુર કરવા બદલ બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા દ્વારા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર તથા સ્ટેન્ડિંગ કમિટીના તમામ સભ્યોનો આભાર વ્યકત કરેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રાજકોટના ઉદ્યોગપતિઓ વચ્ચે એક સેતુ બને એ માટે પ્રયાસ : કુલપતિ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આઈઆઈઆઈસીની દ્વારા કુલપતિ નીલાંબરીબેન દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટના ખ્યાતનામ ઉદ્યોગપતિઓ સાથે સંવાદ માટેનો કાર્યક્રમ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

રાજકોટ એ ઉદ્યોગક્ષેત્રમાં સમગ્ર ગુજરાતમાં અગ્રેસર છે. રાજકોટ અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં તમામ ઉદ્યોગપતિઓનો સિંહફાળો રહ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના IIIC દ્વારા કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટના ખ્યાતનામ ઉદ્યોગપતિઓ સાથે સંવાદ કરવા માટે એક કાર્યક્રમનું આગામી તા.૭-૧૧મંગળવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિસર ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાજકોટના પ્રબુધ્ધ ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રાજકોટના ઉદ્યોગપતિઓ વચ્ચે એક સેતુ બને એ માટે આ એક પ્રયાસ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉદ્યોગોમાં ઈન્ટર્નશીપ તરીકે તાલીમ મેળવે અને ઉદ્યોગપતિઓ દ્વારા વિદ્યાર્થીઓને મોટીવેશન મળે એ માટેનો ઉમદા પ્રયાસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે.

ઉદ્યોગોની જરૂરીયાત મુજબ સ્કીલ્ડ બેઈઝ અભ્યાસક્રમો તૈયાર કરવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રયત્ન કરશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઉદ્યોગોની જરૂરીયાત મુજબ સ્કીલ્ડ બેઈઝ અભ્યાસક્રમો તૈયાર કરવા પ્રયત્ન કરશે. આ સંવાદ કાર્યક્રમના આયોજનથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રોજગારી મળે અને રાજકોટના ઉદ્યોગોને સ્કીલ્ડ મેનપાવર મળી રહે એવો શુભ હેતુ રહેલો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સૌ ઉદ્યોગપતિઓને આવકારવા આતુર છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ઉદ્યોગપતિઓ વિદ્યાર્થીઓના વિકાસ માટે સાથે મળીને કાર્ય કરે એવા શુભ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેના માર્ગદર્શન હેઠળ પ્રોફે. હિતેશભાઈ શુકલ, ડો. રંજનબેન ખૂંટ તથા ડો. હરિકૃષ્ણભાઈ પરીખ કાર્યરત છે.

સરગમક્લબ અને કમાણીફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય વિનામુલ્યે જયપુર ફૂટ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે તા.૧/૧૧ થી ૩/૧૧ સુધી આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૯૮ દર્દીએ લાભ લીધેલ જેમાં કેલીપર્સનાં દર્દી-૪૦ અને લેગ (પગ) ના ૩૦, રીપેરીંગ ૨૮ દર્દીઓએ વિના મુલ્યે લાભ લીધેલ.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર,આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં સહયોગથી અને તેના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે.

ત્રણ દિવસ કેમ્પમાં ૯૮ દર્દીએ લાભ લીધેલ

આ કેમ્પને સફળ બનાવવા માટે કમાણી ફાઉન્ડેશનના કિશોરભાઈ પરમાર, જે. કે. સરાઠે, પ્રફૂલભાઈ મીરાણી, કનૈયાલાલ ગેજેરા, અનવરભાઈ ઠેબા તેમજ સરગમ લેડીઝ - કમિટી મેમ્બરો કૈલાશબેન વાળા, ભાવનાબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, સુધાબેન દોશી, આશાબેન ભૂછડા, હર્ષાબેન કથ્રેચા, મધુરિકાબેન જાડેજા, દિવ્યાબેન ઉમરાણીયા, નિશાબેન વડગામા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, વગેરે સેવા આપેલ, આવનારા તમામ દર્દીઓને વિનામુલ્યે ચા પાણી આપવામાં આવેલ. તેમ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત એસ.વી.પી. હોસ્પિટલ દ્વારા નાગરિકોને ભેટ

ગિફ્ટ કુપન મારફતે ડિસ્કાઉન્ટેડ રેટમાં થઈ શકશે ૧૩ જેટલા અલગ અલગ રિપોર્ટ્સ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૪

અમદાવાદના નાગરિકોની સુખાકારી અને આરોગ્ય માટે અમદાવાદ મહાનગરપાલિકાએ એક ઉત્તમ પહેલ હાથ ધરી છે. અમ્યુકો દ્વારા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ (એસ.વી.પી) હોસ્પિટલ દ્વારા નાગરિકોને વાજબી ભાવે હેલ્થ રિપોર્ટ્સ મળી રહે તે માટે એક ખાસ યોજના કાર્યરત કરાઈ છે. દિવાળીના તહેવાર નિમિત્તે શહેરીજનો ડિસ્કાઉન્ટેડ રેટમાં ૧૩ અલગ અલગ રિપોર્ટ કરાવી શકશે.

આ યોજના હેઠળ કમ્પ્લીટ હેમોગ્રામ, ઈસીજી, સ્ટ્રીન યુરીન એક્ઝામિનેશન, ચેસ્ટ એક્સરે, આરબીએસ, એસજીઓટી, ટીએસએચ અને એચટીએલ સહિતના વિવિધ ૧૩ રિપોર્ટ કઢાવી શકાશે. સામાન્ય દિવસોમાં આ પ્લાનના ચાર્જીસ ૯૦૦ રૂપિયા હોય છે. જે દિવાળીના તહેવાર નિમિત્તે લાગુ કરાયેલા ગિફ્ટ કુપન મારફતે રૂપિયા ૭૫૦માં કરાવી શકાશે.

જેનો લાભ લેવા માટે ૧૦ નવેમ્બર સુધીમાં હોસ્પિટલ કેમ્પસ ખાતેથી ગિફ્ટ કુપન મેળવવાના રહેશે. આ ગિફ્ટ કુપન ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી ચાલશે.

શ્રમિક પરિવાર વાડી વિસ્તારમાં ખેતીકાર્યમાં વ્યસ્ત હોય તે સમયની ઘટના

સાવરકુંડલાનાં આદસંગ ગામે સિંહે ૮ વર્ષની બાળકીને મોતને ઘાટ ઉતારી

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૪

અમરેલી જિલ્લામાં છાશવારે વન્ય પ્રાણીઓ દ્વારા માનવ વસ્તીમાં આવી અને માનવ જીંદગી અને તેમાં પણ ખાસ બાળકો તથા દુધળા પશુઓ ઉપર હુમલાઓ કરી મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના બનતી હોય છે. ત્યારે ગઈકાલે વધુ એક બનાવ સાવરકુંડલા નજીક આવેલ આદસંગ ગામની સીમમાં એક શ્રમિક પરિવારની ૮ વર્ષની બાળા ઉપર સિંહે હુમલો કરી ફાડી ખાધાની ઘટના બનતા સ્થાનિક ધારાસભ્ય સહિતનાં લોકો તથા વન વિભાગ ઘટના સ્થળે પહોંચી જઈ માનવભક્ષી સિંહને પીંજરે પુરવા માટે થઈને કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર મુળ મહુવા તાલુકાનાં બિલડી ગામનાં વતની અને હાલમાં સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે રહેતા સવજીભાઈ નાથાભાઈ રામની વાડીમાં કામ કરતાં શ્રમિક પરિવારની આઠવર્ષની બાળા કુંજલબેન વિપુલભાઈ ગુજરીયા ખેતરમાં રમતી હતી ત્યારેઅચાનક બાળકી ઉપર સિંહે હુમલો કરી દઈ મોત નિપજાવ્યું હતું. સિંહનાં હુમલા બાદ આજુબાજુમાં કામ કરતા શ્રમિકો એકઠા થઈ ગયા હતા અને હાંકલા-પડકારા કરવા છતાં સિંહ બાળાનાં મૃતદેહની આજુબાજુમાં આંટાફેરા મારતો હોય. આ બાળાનો પરિવાર તથા ખેડૂતો, શ્રમિકોમાં ભારે ભય ફેલાયો હતો. આ અંગે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને જાણ કરવામાં આવી હતી.

આ અંગે ધારાસભ્યએ વન વિભાગને તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જવા આદેશ આપતા વન વિભાગ ઘટના સ્થળે પહોંચી ગયેલ હતો અને આ માનવભક્ષી સિંહને પીંજરે પુરવા કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે વન વિભાગ ઘટના સ્થળની આજુબાજુમાં પીંજરા ગોઠવી સિંહની શોધખોળ આદરી હતી અને ઢળતી સંધ્યાએ વનવિભાગે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી અને માનવભક્ષી બનેલા ડાલામથ્થા સિંહને ટ્રાંગ્યુલાઈઝ કરી બેભાન કરી સિંહને પીંજરે પુરવામાં આવ્યો હતો.

ઢળતી સંધ્યાએ વનવિભાગે રેસ્ક્યુ કરી સિંહને ટ્રાંગ્યુલાઈઝ કરી સિંહને પીંજરે પુરવામાં આવ્યો

સામાન્ય રીતે દીપડો બિલ્લીપગે આવી અને બાળકો તથા દુધાળા પશુઓ ઉપર હુમલાઓ કરતાં હોય છે. જયારે સિંહ આવા પ્રકારનાં હુમલા કરવા પાછળ ખાસ કોઈ કારણ હોય શકે અથવા તો સિંહને કોઈએ છંછેડેલ હોય અથવા સિંહની માનસિક હાલત બરાબર ન હોય ત્યારે જ સિંહ આવી રીતે હુમલો કરતોહોય છે. ત્યારે સિંહ પીંજરે પુરાયો છે ત્યારે વિશેષ તપાસ વન વિભાગ દ્વારા કરી આગળની કાર્યવાહી હાથ ધરશે.

અજાણી મહિલા પગપાળા માર્ગ ઉપર જતી હોય ખેડૂતને તેને મદદ કરવાનું ભારે પડી ગયું

માર્ગ ઉપર જતી કોઈ વ્યકિતની મદદ કરવી કે નહી તે પ્રશ્ન ઉભો થયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૪

વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે રહેતા ખેડૂત ખેતીકામનું કામકાજ કરી પોતાનું ગુજરાન ચલાવતા એક ખેડૂતને હનીટ્રેપમાં ફસાવવાનો નિષ્ફળ પ્રયાસ થયો. ખેડુતે તાત્કાલિક તાલુકા ભાજપ મહામંત્રીને ફોન કર્યો અને માંડ માંડ બચ્યો.

પ્રાપ્ત વિગતો અનુસાર વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામનાં એક ખેડૂત પોતે ભેંસાણ ખાતે ખરીદી કરવા માટે ગયા હતા અને ભેંસાણથી પરત હનુમાન ખીજડીયા આવતા હતા ત્યારે બપોરના બે વાગ્યાના સમયે હડમતીયા અને હનુમાન ખીજડીયા ગામની વચ્ચે એક અજાણી મહિલા રોડ પર પગપાળા ચાલીને જતી હતી. ત્યારે આ ખેડૂત પોતાનું વાહનલઈને નિકળ્યા હતા તેજ સમયે રોડ પર જતી મહિલાએ ઉંચો હાથ કરી ગાડી રોકાવી અને કહ્યું કે મારે ઉકાબાપાના મંદિરે દર્શન માટે જવું છે અને હું ચાલીને થાકી ગઈ છું માટે લીફટ આપો તો તમારી મહેરબાની. આ વાત સાંભળીને ખેડૂત પોતાની ગાડીમાં આ મહિલાને બેસી જવા કહ્યું અને ઉકાબાપાનું મંદિર આવ્યું એટલે ખેડૂતે ગાડી ઉભી રાખી આ મહિલાને નીચે ઉતારી ત્યાં જ બે અજાણ્યા બાઈક સવાર ત્યાં આવી બાઈક ઉભું રાખી આ ખેડૂતને ઠપકો આપવા લાગ્યા કે તમે આ મહિલા સાથે શું કર્યું છે વાડીમાં અંદર તમે લઈ ગયા હતા. ત્યારે આ ખેડૂતે કહ્યું કે ભાઈ આ મહિલા એકલી ચાલીને આવતી હતી અને મને ઉંચો હાથ કરી મારી ગાડી રોકાવીને મારી પાસે લીફટ માંગી હતી કે મારે ઉકાબાપાના મંદિરે દર્શન માટે જવું છે. મેં તે મહિલાને ગાડીમાં બેસીને અહીં ઉકાબાપાના મંદિરે ઉતારી છે. હું આ મહિલાને ક્યાંય પણ લઈ નથી ગયો પરંતુ એ બે અજાણ્યા શખ્સોએ ખેડૂત પાસે રૂપિયાની માંગણી કરી અને ધમકાવા લાગ્યા હતા. ત્યારે ખેડુતે તેના જ ગામના અને તાલુકા ભાજપ મહામંત્રીને ફોન કરી આખી વાત જણાવી અને આ અજાણ્યા લોકો મારી પાસે રૂપિયા માંગે છે.

આ વાત સાંભળીને તાલુકા ભાજપ મહામંત્રીને એવું લાગ્યું કે કદાચ આ લોકો હનીટ્રેપ કરવા માંગતા હોયશકે માટે શૈલેષભાઈ ઠુંમરે કહ્યું કે ફોન એ અજાણ્યા લોકોને આપો પરંતુ એ લોકોએ ફોન પર વાતચિત કરવાની ના પાડી દીધી. બાદમાં તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમરે ફોન સ્પીકર કરાવી કહ્યું કે તમારે ફરીયાદ નોંધાવવી હોય તો વડિયા પોલીસ સ્ટેશન ખાતે આવી જાવ નહીંતર હું પોલીસને જાણ કરી ઘટના સ્થળે મોકલું છું. આવી વાત સાંભળીને એ બાઈક સવાર બે અજાણ્યા શખ્સો અને મહિલા ત્રણેય બાઈક લઈને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આમ આ ખેડૂત હનીટ્રેપનો શિકાર થતાં અટકી ગયો હતો.

વિજ્ઞાન જાથા દ્વારા મહિકા ગામે કાળી ચૌદશની ગેરમાન્યતાનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

ભૂત-પ્રેત=મસાલનું સરઘસ, નનામી સાથે નીકળી શેરીઓમાં જાગૃતિ કેળવાશે

કાળી ચૌદશનો સદીઓ જુનો ભયદૂર કરવા જાથાનું રાજયવ્યાપી આયોજન

ભારતમાં સદીઓથી કાળી ચૌદશની ગેરમાન્યતા, ગેરપરંપરા, જાત જાતની માન્યતાઓ, ક્રિયાકાંડો, કુરિવાજો, ભૂત, પ્રેત, પિશાચ, મેલીવિદ્યા, આસુરી શક્તિ, અદ્રશ્ય શક્તિ વિગેરેની સાધના કરી પ્રસન્ન કરવા જાત જાતના વિધિ-વિધાનો, નિવારણના હોમ-હવન, મંત્ર-તંત્ર, સાધના, ઉપાસના, મેલીવિદ્યાની સ્મશાનમાં લેતી-દેતી આપ-લે, ભારે દિવસ, ખોફનાક વાતો પ્રવર્તતે છે તેનું રાજયવ્યાપી ખંડન કરવાના દ્રઢ મનોબળ કેળવવાના જાગૃતિ કાર્યક્રમો સાથે રાજય કક્ષાનો રાજકોટ તાલુકાના મહીકા ગામના સ્મશાનમાં ગ્રામ પંચાયત અને ગ્રામજનોના સહકારથી તા. ૧૧ મી નવેમ્બર રાત્રીના નવ કલાકે ગામના ધણ ચોકમાંથી મેલીવિદ્યાની નનામી, ભૂતપ્રેતનું સરઘસ, મશાલ સરઘસથી પ્રારંભ કરી સ્મશાનમાં મોડી સ્મશાનમાં મોડી રાત સુધી નવતર કાર્યક્રમોથી કરવામાં આવશે.

રાજયમાં જાથાની શાખાઓ ઉપરાંત ૧૨૦૦ નાના-મોટા નગરોના સ્મશાનમાં જાગૃતિ કાર્યક્રમ આપી અંધશ્રધ્ધા દૂર કરવાના પ્રયત્નો થશે. મંગળવારે મહિકા ગામે પત્રિકા વિતરણનો પ્રારંભ થશે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે સદીઓથી કાળીચૌદશની ભયાનક્તા, ભ્રામકપ્રચાર, ઉપરાંત નિરર્થક ક્રિયાકાંડો સમાજમાં પ્રવર્તતે છે જેમાં ભૂત, પ્રેત, પિશાચ, ડાકણ, મામો, આસુરી શક્તિની સ્મશાનમાં સાધના કરી પ્રસન્ન કરવા સંબંધી જાતજાતના ક્રિયાકાંડો કરવામાં આવે છે. જેમાં દારૂ, મટન, જેવા નૈવેદ ધરવામાં આવે છે. તો કોઈક અઘોરી મડદા ઉપર બેસી સાધના કરે છે. આસુરી શક્તિ ઉપર વિજય મેળવવા માટે કાળી ચૌદશ દિવસને શ્રેષ્ઠ માનવામાં આવે છે જેની હકિકત જેટલા મોઢા તેટલી વાતો સાંભળવામાં આવે છે.

મેલીવિદ્યાની ઉપાસના કરીએ તો સિધ્ધ થઈ જાય તો ગમે તેના ઉપર અજમાવી હેરાન-પરેશાન કરી શકાય છે વિગેરે વિગેરે અવૈજ્ઞાનિક, અતાર્કિક, બોગસ, કપોળકલ્પિત હકિકત મુક્વામાં આવે છે. કાળીચૌદશના દિવસે હોમ-હવન, કાળભૈરવની ઉપાસના વિગેરે કરવામાં આવે છે. વાસ્તવમાં જાથાએ રાજયમાં ૨૪ વર્ષથી સ્મશાન અને કહેવાતી ખરાબ જગ્યાએ કાર્યક્રમો, ખંડન સંબંધી વાસ્તવિક કાર્યક્રમો આપ્યા છે. તેમાં જાથાને આજ સુધી કોઈ ખરાબ પરિણામ, અસર કે એક મિનિટ/સેકન્ડ માટે પણ હાનિ-નુકશાન કે અનહોનિ થઈ નથી. માત્રને માત્ર બક્વાસ, તથ્યહિન ક્રિયાકાંડો સાબિત કર્યા છે.કરાજયકક્ષાના મહીકા ગામ સિવાય ૧૧૯૯ સ્મશાનમાં જાગૃતો કાર્યક્રમ યોજાશે. જાથાએ ફેસબુક અને યુટયુબ ઉપર ઘર બેઠા કાર્યક્રમ જોવાની વ્યવસ્થા કરી છે. શનિવાર તા. ૧૧ મી રાત્રીના નવ કલાકે મહીકા ગામના ધણ ચોકમાં ગ્રામજનો, જાગૃતો, વિજ્ઞાન પ્રેમીઓ, જાથાના શુભેચ્છકો એકઠા થઈ ત્યાં સૌ પ્રથમ મેલીવિદ્યાની નનામીને લાવી મહિલાઓ કાંધ આપશે તેની સાથે ભૂત-પ્રેતનું સરઘસ તેનો પહેરવેશ યુવાનો પહેરી ભય દૂર કરવા નાટકીય ધૂણીને મશાલ સરઘસ સાથે જોડાશે. દયાનંદ ચોકથી સ્મશાન સુધી જાગૃતિ બેનરો સાથે સ્મશાનમાં પહોંચશે ત્યાં મેલીવિદ્યાની નનામીને અગ્નિદાહ આપી તેનો ભય-કકડાટ કાયમી કાઢવામાં આવશે. નનામી ઉપર ચા બનાવી હાજર લોકોને ચુશ્કી મારવા આપવામાં આવશે. ભૂત-પ્રેતનો બિહામણો ચહેરો- ભયનો પર્દાફાશ કરવામાં આવશે. સ્ટેજ ઉપર જાગૃતિ કાર્યક્રમ આપી રાત્રીના સ્મશાનના ખાટલે ચાર ચોકમાંથી એકઠા કરેલા કુંડાળાના વડા તેમજ ગરમાગરમ પુડલા આરોગવામાં આવશે. જાથાના પંડયા જણાવે છે કે રાજ્યમાં મંગળવારથી શુક્રવાર સુધી જાગૃતિ પત્રિકાનું વિતરણ કરવામાં આવશે. તેમાં કાળી ચૌદશની ભયાનક્તા સંબંધી અંધશ્રદ્દધા દૂર કરવાનો પ્રયત્ન છે. આ વર્ષે મહીકા ગામમાં કાળી ચૌદશની ઉજવણીનું ૩૦ મું વર્ષ પુર્ણ થશે. આજ સુધી સ્મશાનમાં એક મિનિટ માટે અનહોની થઈ નથી. જાગૃતોએ સંપુર્ણ ટેકો આપ્યો છે. દેશભરમાં જાથા લોકોને જોડવાની સાથે પોતાનું જીવન-પરિવાર સુખી રહે તેવા જાગૃતિ કાર્યક્રમો આપે છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

કાલે પુર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયાનો જન્મદિવસ

રાજકોટઃ સરળ અને શાંત વ્યક્તિવ ધરાવતા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારની જનતામાં સારા વ્યક્તિવની જેમને આગવી ઓળખ ઉભી કરી છે તેવા હર હંમેશ જનતાના દુઃખે દુઃખી જનતાના સુખે સુખી લોકોની ચિંતા કરવા વાળા જરૂરીયાતમંદ લોકોને હરહમેશ મદદરૂપ થતા પરિસ્થિતી પછી કોરોના કાળનુ લોકડાઉન હોય કે કોઈ બિમાર ગીરીબ દર્દીના ઓપરેશન કે દવાની જરૂરીયાત હોય રાજકોટ ગ્રામ્યના પુર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયાનુ જન સંપર્ક કાર્યાલય રાજકોટ અમીન માર્ગ ઉપર શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારની જનતા માટે છેલ્લા ઘણા વર્ષથી હરહંમેશ ખુલ્લુ જ હોય છે આ છે તેમના જનતા માટેના સેવાકીય કાર્યો તેમનો જન્મદિવસ છે તેમને સરકાર તેમજ જનતા પ્રતિનિધિ તરીકે સારી લોક ચાહના મેળવી છે સરકાર સંગઠન હોદેદારો આગેવાનો અગ્રણી કાર્યકરો મિત્રો તેમજ પરીવાર તરફથી પુર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયાને જન્મ દિવસની શુભેચ્છા મળી રહેલ છે જોગાનુ જોગ લાખાભાઇ સાગઠીયા ના પૌત્ર કેવીનનો પણ જન્મદિવસ છે. ૯૮૨૪૨ ૩૯૨૪૪

શહેર ભાજપ યુવા મોરચાની નવી ટીમ જાહેર કરતા મુકેશભાઈ દોશી

પ્રમુખ તરીકે કિશન ટીલવા, મહામંત્રી મીલન લીંબાશીયા તથા સહદેવ ડોડીયાની વરણી

મંત્રી તરીકે જય બોરીચા, દર્શન પંડયા, હાર્દિક કુંગસીયા, સુનીલ ગોહેલ, કુલદિપસિંહ જાડેજાની વરણી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજકોટ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટ તેમજ શહેર ભાજપ યુવા મોરચાના પ્રભારી નિલેશભાઈ ચુડાસમા સહિતના અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કરી શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેર ભાજપ યુવા મોરચાની ટીમ જાહેર કરેલ છે. જેમાં શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે કિશન ટીલવા મહામંત્રી તરીકે મીલન લીબાશીયા તેમજ સહદેવ ડોડીયાની વરણી કરવામાં આવેલ છે. આ સાથે શહેર ભાજપ યુવા મોરચામાં ૪ ઉપપ્રમુખ, ૫ મંત્રી,૧ કોષાધ્યક્ષ ૧ કાર્યાલય મંત્રીની પણ વરણી કરવામાં આવેલ છે આ વરણીને આવકારતા શહેર ભાજપ પ્રમુખ

મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતુ કે ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રવાદની વિચારધારાને વરેલી પાર્ટી છે અને પંચનિષ્ઠાના આધાર પર સ્થપાયેલી પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી અન્ય રાજયમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારો દ્વારા છેવાડાના માનવીને કલ્યાણકારી યોજનાઓ પહોંચે, દેશનો સર્વાંગી વિકાસ થાય દેશનું સ્વાભિમાન વધે અને સાથોસાથ પાર્ટીનો પ્રચાર પ્રસાર થાય અને સરકારની યોજનાઓનો લાભ ઘર ઘર સુધી પહોંચે તે આશયથી પાર્ટીની પ્રણાલીકા મુજબ કાર્યકતાઓને વિવિધ જવાબદારી સોંપવામાં આવતી હોય છે ત્યારે આ જવાબદારીના કાર્યકતા સફળતાપૂર્વક સંભાળે તેવી શુભકામનો પાઠવી હતી. શહેર ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે જયકિશનસિંહ ઝાલા, રવિ ચાંગેલા, દેવ ગજેરા, કિશન પટેલ તેમજ મંત્રી તરીકે જય બોરીચા, દર્શન પંડયા, હાર્દિક કુંગશીયા, સુનીલ ગોહેલ, કુલદીપસિંહ જાડેજા, કોષાધ્યક્ષ તરીકે ધ્રુવ કાકડીયા કાર્યાલય મંત્રી કાનાભાઈ સરવૈયાને જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે આ વરણીના શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડો. ભરતભાઈ

બોઘરા, બીનાબેન આચાર્ય, ઉદય કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, નયનાબેન

પેઢડીયા, કમલેશ મીરાણી, અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સાથે



શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

દિવાળીમાં એસટી વિભાગ બે હજારથી વધુ એક્સ્ટ્રા બસ દોડાવશે

ગાંધીનગર,તા.૪

દિવાળી પર્વ પર લોકો તહેવાર મનાવવા પોતાના વતન જતા હોય છે. આવા સમયે રેલવે અને એસટીમાં મુસાફરોની સંખ્યા વધી જતી હોય છે. જો કે આ વર્ષે દિવાળીમાં મુસાફરોને હાલાકી ન પડે તે માટે રેલવે વિભાગ બાદ હવે એસટી વિભાગ પણ ચિંતિત બન્યું છે. મુસ-ફરો માટે દિવાળી પર્વ પર એક્સ્ટ્રા બસોનું સંચાલન પણ હાથ ધર્યું છે. એસટી વિભાગે ૨૨૦૦ એક્સ્ટ્રા બસ દોડાવવાનો નિર્ણય લીધો છે. દિવાળીનો પર્વ હવે નજીક છે. દિવાળી વેકેશમાં લોકો પોતાના પરિવાર સાથે ફરવા અથવા તો પોતાના વતન જતા હોય છે. મોટી સંખ્યામાં લોકો દિવાળીમાં એક સ્થળેથી બીજા સ્થળે પ્રવાસ કરતા હોય છે. દર વર્ષે ટ્રેન, બસ અને ખાનગી બસોમાં એડવાન્સ બૂકિંગ થઇ જતુ હોય છે. ટ્રેન અને એસટી બસોમાં વેઇટિંગ ચાલતા હોય છે. જેના કારણે છેલ્લી ઘડીએ પ્રવાસનું આયોજન કરનારા લોકોને હાલાકી પડતી હોય છે. ત્યારે આ વર્ષે આવા લોકોને હાલાકી ન પડે તે માટે એસટી વિભાગ દ્વારા પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એસટી વિભાગ દ્વારા લગભગ ૨૦ થી ૩૦ ટકા વધારે બસોનું સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. એસટી વિભાગમાંથી મળતી માહિતી પ્રમાણે ગત વર્ષે ૧૫૦૦ જેટલી બસોનું સંચાલન કરાયું હતું. જ્યારે આ વર્ષે ૨૨૦૦ જેટલી એકસ્ટ્રા બસોનું સંચાલનનું આયોજન કરાયું છે. જે એ જ બતાવે છે કે મુસાફરોની સંખ્યામાં આ વખતે ગત વર્ષની સરખામણીએ વધુ વધારો નોંધાઈ શકે છે. એસટી વિભાગ દ્વારા ૨૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસોના સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધારે

૧૭૦૦ બસ માત્ર સુરત શહેર માટે જ ફાળવવામાં આવી છે. કારણ કે સુરત શહેર કાપડ અને રત્ન ઉદ્યોગ સાથે જોડાયેલું સૌથી મોટું શહેર છે. સુરત-માં સૌથી વધારે નોકરિયાત વર્ગ જોવા મળે છે, મોટાભાગે અન્ય રાજ્યના લોકો ત્યાં વસવાટ કરીને નોકરી કરતા હોય છે.

જેથી સુરત શહેરથી સૌથી વધારે લોકો પોતાના વતન એવા અન્ય શહેર વડોદરા, અમદાવાદ, રાજકોટ કે પછી સૌરાષ્ટ્રના શહેર જતા હોય છે. જેને લઈને સુરત માટે જ માત્ર ૧૭૦૦ જેટલી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાય દાહોદ, પંચમહાલ જેવા જિલ્લાઓમાં પણ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. તે સિવાય દિવાળી પર્વ પર જો કોઈ પણ સ્ટેશન કે ડેપો ખાતે મુસાફરોની સંખ્યા વધે અને ભીડ થાય તો તેવા સમયે ત્યાંના મેનેજરને જરૂર જણાય તે પ્રમાણે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવા પણ સૂચન કર્યું છે. જેથી મુસાફરોની ભીડને પહોંચી શકાય અને લોકોને સુવિધા પણ આપી શકાય. એક્સ્ટ્રા બસો ૭ નવેમ્બરથી દિવાળીના સમયગાળા દરમિયાન ચલાવવામાં આવશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ દીકરી ગામ પાટીદડની બાલિકા પંચાયત સાથે કર્યો સંવાદ

દીકરી ગામ રાજ્યનું એકમાત્ર એવું ગામ,જ્યાં ઘરો ઉપર દીકરીઓની ૧૦૦ ટકા નેઇમપ્લેટ લાગી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ તા.૪

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાનું પાટીદડ ગામ દીકરી ગામ તરીકે જાહેર કરાયું છે. આ તકે ગામની સમરસ બાલિકા પંચાયતના સરપંચ કુમારી જલ્પા અઘેરાએ ગામમાં દીકરીના શિક્ષણ, કૂપોષણ, આરોગ્ય સહિત પ્રશ્ને લોકોમાં જાગૃતિ લાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. દીકરી ગામ તકતીના અનાવરણ પ્રસંગે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ બાલિકા પંચાયત સાથે સંવાદ કર્યો હતો અને બાલિકા પંચાયતની વિવિધ જરૂરિયાત પૂર્ણ કરવાની ખાતરી પણ આપી હતી. દીકરી ગામ રાજ્યનું એક માત્ર એવું ગામ, જ્યાં દીકરીઓ છે તેવા તમામ ઘરની બહાર દીકરીની નેઇમ પ્લેટ લાગી છે.

પાટીદડ ગામને દીકરી ગામ તરીકે જાહેર કરાયું છે, ત્યારે ગામમાં કુલ ૧૦ સભ્યોની સમરસ બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. જેમાં સરપંચ તરીકે કુમારી જલ્પા અઘેરા, ઉપસરપંચ કુ. શ્રેયા ખાચર, પંચાયતના વિવિધ વોર્ડના સભ્યો તરીકે કુ.સુહાની ચૌહાણ, કુ.યશ્વી લીલા, કુ. ગોપી ચૌહાણ, કુ.ઈશિતા મકવાણા, કુ.દર્શિતા મકવાણા, કુ. ધ્રૂવી પરમાર, કુ. બ્રિન્દા ખાચર, કુ. કૃપાણી મકવાણાની વરણી કરવામાં આવી છે.

મહત્વનું છે કે, બાલિકા પંચાયત ગામમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, રમત ગમત જેવા વિવિધ મુદ્દાઓ પર કાર્ય કરી કિશોરીઓનું પ્રતિનિધિત્વ દરેક ક્ષેત્રે વધે તે સુનિશ્ચિત કરશે. આ ગામમાં સમરસ બાલિકા પંચાયતની સાથે વિલેજ ટાસ્ક ફોર્સ કમિટીનું પણ ગઠબંધન કરવામાં આવ્યું છે.આ

અવસરે રાજકોટ જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવની દવેએ જણાવ્યું હતું કે, બેટી બચાવો બેટી પઢાવો તેમજ મહિલા સશક્તિકરણની વિવિધ યોજનાઓને પ્રોત્સાહન આપવાની નવતર પહેલના ભાગરૂપે પાટીદડ ગામ દીકરી ગામ તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે. રાજ્યનું આ એકમાત્ર એવું ગામ છે, જ્યાં જેમના ઘરે દીકરી છે, ત્યાં દીકરીના નામની પ્લેટ ઘરની બહાર લગાવવામાં આવી છે.નોંધનીય છે કે, રાજ્યમાં મહિલા સશક્તિરણને પ્રોત્સાહન આપવાના હેતુસર અગાઉ કચ્છ જિલ્લામાં માંડવી તાલુકાના મસ્કા ગામમાં ઘર પર દીકરીઓ-વહૂઓના નામની પ્લેટ લગાવવાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. ઉપરાંત કચ્છના કુનરિયા ગામમાં પણ બાલિકા પંચાયતની રચના કરવામાં આવી હતી.

જો કે રાજકોટ જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવની દવે કહે છે કે, ગામમાં જેમના ઘરે દીકરી છે એવા તમામ ઘરો બહાર દીકરીની નેમપ્લેટ ૧૦૦ ટકા લાગી હોય તથા દીકરી ગામ તરીકે ઘોષિત થયું હોય તેવું પાટીદડ રાજ્યનું પ્રથમ ગામ છે.

કેડીટ કાર્ડના નામે વિંછીયાના રૂપાવટી ગામનો યુવાન છેતરાયો: ગઠિયાએ બેંક એકાઉન્ટમાંથી ૪.૭૧ લાખ ઉપાડી લીધાં

રાજકોટ, તા.૪

સાયબર માફિયાઓ યેન્કેન પ્રકારે લોકોને અલગ અલગ રીતે ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બનાવી રૂપિયા તફડાવી લેતાં હોય છે. ત્યારે વિંછીયાના રૂપાવટી ગામે યુવાન સાથે કેડીટ કાર્ડના નામે ગઠિયાએ ઓનલાઈન એપ ઈન્સ્ટોલ કરાવી તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૪.૭૧ લાખ ટ્રાન્સફર કરાવી છેતરપીંડી આચર્યાની વિંછીયા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે વિંછીયાના રૂપાવટી ગામે રહેતાં કીરીટકુમાર હરીલાલભાઈ હરીપરા (ઉ.વ.૪૪) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ વિછીયામાં આવેલ ગોપાલ દુધની ડેરીમા નોકરી કરે છે. તેમજ રાજકોટમાં ગોંડલ રોડ પર આવેલ આઇસીઆઇસીઆઈ બેંકમાં એકાઉન્ટ ધરાવે છે. ચારેક મહીના પહેલા તેમને બેન્કમાંથી ફોન આવેલ અને કહેલ કે, તમને ફીમા કેડીટ કાર્ડ આપવામા આવે છે જે બાદ તેમના ઘરના એડ્રેસ ઉપર કેડીટ કાર્ડ આવેલ અને ત્યાર બાદ કેડીટ કાર્ડનો ચાર્જનો મેસેજ મોબાઈલમા આવતા તેઓએ કેડીટ કાર્ડ બંધ કરવા માટે બેન્કનો સંપર્ક કરેલ જેથી બેન્કમાંથી જણાવેલ કે, તમારે કેડીટ કાર્ડ બંધ કરવુ હોય તો તમારા મોબાઈલમાંથી કસ્ટમર કેર નંબર ઉપર ફોન કરવો જેથી તમારુ કેડીટ કાર્ડ બંધ થઈ જશે. જેથી ગઈ તા.૦૪/૧૦ ના રોજ ફોન કરેલ અને સામેથી વિગત પુછતા તેઓએ વિગત જણાવેલ અને સામેથી કહેલ કે, તમારૂ કેડીટ કાર્ડ બંધ થઈ જશે પણ ત્યાર બાદ કોઈ કેડીટ કાર્ડ બંધ થયાનો મેસેજ આવેલ નહી. ઉપરાંત તેઓના મોબાઈલમાં બેંક તરફથી ટેક્સ મેસેજ આવેલ અને તેમા લખેલ કે, તમારો સંપર્ક કરવા છતા થયેલ નથી અનેગઈ તા.૨૦/૧૦ ના તેઓના મોબાઈલમાં ફોન આવેલ અને જણાવેલ કે,

હું આઈ.સી. આઈ.સી.આઈ બેન્કમાંથી બોલુ છુ અને તમારે કેડીટ કાર્ડ બંધ કરવાનું હોય તો તમારા વોટશએપ નંબર ઉપર એક એપ મોકલેલ છે જેને તમે ઈસ્ટોલ કરી અને તેમા વિગત ભરોનું જણાવતાં તેઓએ વોટ્સએપમાં આવેલ બેંકના લોગો વાળી બે એપ પોતાના મોબાઈલમાં ઈન્સટોલ કરી ખોલેલ અને કહ્યા મુજબ, તમામ વિગત તેમાં ભરેલ અને ત્યાર બાદ ખાતામાંથી પ્રથમ ૧૦ હજાર રૂપીયા કપાઈ ગયેલા અને ત્યાર બાદ રૂ. ૪.૬૧ લાખ કપાઈ જતાં તેઓ સાથે છેતરપીંડી થયાની જાણ થઈ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે અજાણ્યાં શખ્સ વિરૂદ્ધ કલમ ૪૨૦,૪૦૬ તેમજ આઇટી એક્ટ હેઠળ ગુનો નોંધી પીઆઇ એચ.એન.રાઠોડની રાહબરીમાં ટીમે તપાસ હાથ ધરી હતી.

USCAD સંસ્થાનાં ડે.ડીરેક્ટરએ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લીધી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૪

રાજકોટ શહેરને ખાડા રહિત, બિન જરૂરી દબાણ રહિત, રસ્તે રજળતા ઢોર મુક્ત, પ્લાસ્ટીક મુક્ત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે. મહાનગરપાલિકાનાં ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે આ બાબતની માહિતી, વિગતો તથા ટેકનોલીજીની બાબતો સમજવા અને જાણવા તાજેતરમાં ૧૦ દિવસમાં અલગ અલગ કોલેજોનાં વિદ્યાર્થીઓ, પ્રોફેસર અને મહાનુભાવો દ્વારા ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. તા.૦૧/૧૧ નાં રોજ શ્રી દામોદર બરછાની, ભૂતપૂર્વ સીનીયર

અધિકારી, આરોગ્ય મંત્રાલય, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા તથા હાલમાં USCADમાં ડે.ડીરેક્ટરએ કન્ટ્રોલરૂમની મુલાકાત લીધી હતી. જેમાં તેઓ દ્વારા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનો પબ્લિકની સેફટી અને સુવિધા બાબતે મહતમ ઉપયોગ કઈ રીતે થઈ શકે તે બાબતની ચર્ચા કરેલ હતી તથા અલગ અલગ વિભાગના ડેટાની વિગતો મેળવી હતી.

આ કામની માહિતી નોડલ ઓફિસરશ્રી વત્સલ પટેલ તથા ટેકનીકલ સુપરવાઇઝર શ્રી કમલેશ શર્મા દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત સેનીટરી સબ ઇન્સ્પેકટર જે.બી.પટેલ તથા દિપેશ સોલંકી દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા થતી ઈ-મેમો તેમજ અન્ય કચરાનાં દંડની કામગીરી વિશે માહિતી આપી હતી તથા કેમેરા બાબતેની વિશેની કામગીરી પરીન પારેખ દ્વારા આપવામાં આવી હતી.

ક્રાઈમ કોર્નર

ગોંડલ પંથકમાં ત્રણ સ્થળે બાંધકામનો સામાન ચોરનાર પોલીસ સકંજામાં

ગોંડલ નજીક જામવાડી ગામે ખુલ્લા પ્લોટમાંથી મીલર મીશન અને સેન્ટ્રિંગના સામાની ઉઠાંતરી કરનાર તસ્કરની પોલીસે ધરપકડ કરી ચોરાઉ મુદામાલ અને ટાટા ૪૦૭ સહિતનો મુદામાલ કબજે કરી પુછપરછ કરતા ત્રણ ચોરીના ભેદ ખુલ્યા છે. પોરબંદર શ્રીજી સોસાયટીમાં રહેતા કિશોર દેવજી કારડીયા (ઉ.૫૩)ની પોલીસે ધરપકડ કરી આગવી ઢબે પુછપરછ કરતા ગોંડલની ત્રણ ચોરીના ભેદ ખુલ્યા છે. તસ્કરે છેલ્લા એક મહિનામાં ગોંડલના જામવાડીમાંથી રૂ.૭૦ હજારનું મીલર મશીન, રૂ.૧.૨૫ લાખની કિંમતની સેન્ટ્રિંગની ૩૦૦ નંગ પ્લેટ સહિતના સામાનની ચોરી કર્યાની કબુલાત આપતા ટાટા ૪૦૭ સહિત ૩.૫૦ લાખનો મુદામાલ કબજે કર્યો હતો.એલસીબીને કારમાં રૂ.૭૧૩૦૦ની કિંમતના દારૂ સાથે સુરતના અજય વેકરીયા અને શ્યામદાસ જોગાણીની ધરપકડ કરી ૧૧ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. દારૂના ગુનામા જેતપુરના સાગર પટેલનું નામ ખુલ્યું હતું.

કારખાનેદારનો આપઘાતનો પ્રયાસ

કોઠારિયા રોડ પરના ગણેશનગરમાં રહેતા અને બોલબાલા માર્ગ પર રણુજાનગરમાં રામદેવ મોર્ડ્રિંગ નામે પ્લાસ્ટિકનું કારખાનું ધરાવતાં દર્પણ હંસરાજભાઇ પાનસુરિયા (ઉ.વ.૨૩)એ ગુરૂવારે રાત્રે નવેક વાગ્યે પાળ રોડ પર શનેશ્વર પાર્ટી પ્લોટ પાસે ફિનાઇલની ગોળીઓ પી લેતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસની ટીમ દોડી ગઇ હતી.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, દર્પણે અગાઉ તેના કુટુંબીજન હરેશભાઇને રૂ.૮૫ લાખ આપ્યા હતા. આ રકમ તે પરત આપતા નહીં હોવાથી દર્પણે અલગ અલગ ચાર લોકો પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. ચારેય વ્યાજખોરો નાણાંની પઠાણી ઉઘરાણી કરતા હોવાથી કંટાળીને કારખાનેદારે આપઘાતની કોશિશ કરી હતી.

દિવાળીની સાફસફાઇના મુદ્દે મહિલા પર હુમલો

કોટડાસાંગાણીના નારણકામાં દિવાળીની સફાઇના મુદ્દે માથાફૂટ થતાં મહિલા પર પાડોશીઓએ હુમલો કર્યો હતો. નારણકા ગામે રહેતા કમળાબેન પ્રેમજીભાઇ વાળા (ઉ.વ.૪૦) ગુરૂવારે સાંજે પોતાના ઘરે હતા ત્યારે તેમના પર પાડોશી કરસનભાઇ વાળા, જીવનભાઇ વાળા તથા ત્રણ મહિલાએ પાઇપથી હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા કમળાબેનને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કમળાબેને આક્ષેપ કર્યો હતો કે, દિવાળીનો તહેવાર આવતો હોઇ સાંજે તેમની પુત્રી ઘરની સાફસફાઇ કરતી હતી ત્યારે તેમના ઘરનું પાણી બાજુના ઘર તરફ જતાં હુમલો કરાયો હતો.

સંતકબીર રોડ પર રહેતી મહિલાએ ૩ વર્ષની દીકરા સામે જ ગળે ફાંસો ખાઈ આપઘાત

રાજકોટના સંતકબીર રોડ ઉપર આવેલા ભોજલરામ રમાં રહેતા રશ્મીતા રોહિતભાઈ મિશ્રા (ઉ.૩૨)એ સવારના તેમના પતિ કુવાડવા રોડ પર ક્રિકેટ રમવા માટે ગયા બાદ તેણી તેના રૂમમાં હતી. ત્યારે ત્રણ વર્ષના પુત્રની સામે જ પંખાના હુકમાં ચૂંદડી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ક્રિકેટ રમી આવેલા તેના પતિએ રૂમનો દરવાજો ખોલતાજ પત્ની લટકતી હાલતમાં જોવા મળી હતી. તેણીને પતિએ ૧૦૮ને જાણ કરી સારવારમાં પ્રથમ ખાનગી અને બાદમાં સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી. વધુમાં મળતી વિગતોમાં મૃતકના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા અને સંતાનમાં એક પુત્ર છે. તેણીના પતિ પે-ટીએમ કંપનીમાં નોકરી કરે છે. બનાવથી એકના એક પુત્રએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું.

તસ્કરોનો બંધ મકાનમાં હાથફેરો

રાજકોટ નજીક કાંગશીયાળી ગામે આસ્થા ગ્રીન સોસાયટી શેરી નં ૨ બ્લોક નં ૧૫૭માં રહેતા વેપારી ચંદ્રકાંત ત્રિકમભાઈ ભાલોડીયાના બંધ મકાનમાં તસ્કરોએ તાળા તોડી અંદર પ્રવેશી કબાટની તિજોરીનું લોક તોડી સોનાના દાગીના તથા રોકડ ૩૦ હજાર મળી કુલ ૧,૨૮,૭૪૫ની મતાની ચોરી કરી નાસી ગયા હતા. વેપારી ચંદ્રકાંતભાઈ તથા તેમનો પરિવાર બહારગામ હતો તે દરમિયાન તસ્કરો બંધ મકાનમાંથી હાથફેરો કરી ગયા હતા. આ અંગે અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધી શાપર વેરાવળ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રીસામણે ગયેલી પત્નીનો વિયોગ પતિએ ફિનાઈલ પીધું

રાજકોટના ત્રંબા ગામે રહેતા યુવાનની પત્ની ૩ મહિનાથી રીસામણે તેના માવતરે ચાલી જતા પત્નીનો વિયોગ સહન નહીં થતાં પતિએ ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે. ત્રંબા ગામે રહેતા સહદેવ રામજીભાઈ મકવાણા (ઉ.૩૨)ના ૬ વર્ષ પહેલા લગ્ન થયા હતા. છેલ્લા ૩ મહિનાથી પત્ની તેના માવતર આંબેડકરનગર રાજકોટ રીસામણે ચાલી જતાં લાગી આવતા રાત્રે ફિનાઈલ પી લીધું હતું. ત્યારબાદ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ફિનાઈલ પી જનાર સહદેવ ડ્રાઈવિંગનો ધંધો કરે છે અને સંતાનમાં એક દીકરી છે. પોલીસે નિવેદન નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સ્પામાં પરપ્રાંતિય મહિલા પાસે કામ કરાવતા સંચાલક સામે ફરિયાદ

નિર્મલા રોડ ઉપર આવેલા ગોલ્ડ થાઈ સ્પામાં કામ કરતી બે પરપ્રાંતિય મહિલાઓની પોલીસને જાણ કરી ન હોવાથી સ્પા સંચાલક સામે કાર્યવાહી કરવામાં આવી હતી. હ્યુમન ટ્રાફિકિંગ યુનિટનો સ્ટાફ અલગ અલગ વિસ્તારના સ્પામાં તપાસમાં હતા. તે દરમિયાન નિર્મલા રોડ પર સોનાલી પાઉંભાજીની ઉપર આવેલા ગોલ્ડ થાઈ સ્પામાં તપાસ કરતાં ત્યાંથી એક નાગાલેન્ડ અને એક મણીપુરની મહિલા મળી આવી હતી. જેમની સ્પા સંચાલકે પોલીસને જાણ કરી ન હતી. જેથી સ્પા સંચાલક દશરથ અજય રાજપૂત સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

રાજકોટ મનપાની સ્ટેન્ડિંગની બેઠકમાં ૮.૭૩ કરોડના કામોને મંજૂરી

રાજકોટમાં પશુ નિયંત્રણ કાયદાનાં અમલ માટે રાજ્ય સરકાર પાસે રૂ.૩૬.૬૦ કરોડની ગ્રાન્ટની માગ, કર્મચારીઓ માટે બોડીવોર્ન કેમેરાની દરખાસ્ત સામેલ

તસવીરઃદિલીપ ગોહેલ

રાજકોટ.તા.૪

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગ આજે તા.૪ના રોજ સવારે ૧૧ કલાકે મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ માળે આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ તમામ કુલ ૨૪ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. આજની બેઠકમાં કુલ ૮.૭૩ કરોડના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં નવા પશુ નિયંત્રણ કાયદાની અમલવારી સાથે ભવિષ્યમાં ઉભી કરવાની સુવિધાઓ હેતુ રાજ્ય સરકાર પાસેથી રૂ.૩૬.૬૦ કરોડની ગ્રાન્ટ માગવા મ્યુ. કમિશનરને દરખાસ્ત મોકલવામાં આવી છે. ગ્રાંટમાંથી નવી એનિમલ હોસ્ટેલથી માંડી કર્મચારીઓની સુરક્ષા અને પૂરાવા માટે બોડી વોર્ન કેમેરા, વાહનો પર કેમેરા સહિતની સિસ્ટમ વસાવવામાં આવશે.આજે જે દરખાસ્તો મંજુર કરાઈ હતી તેમાં મુખ્યત્વે મોટા મવા ગામ તળથી શરૂ કરી રાજકોટ મનપાની હદ સુધીના ૩૦ મીટર ટીપી રોડને ૪૫ મીટર પહોળો કરવા માટે જે દરખાસ્ત હતી તે મંજુર કરાઈ હતી. વધુમાં આ સિવાય કુલ ૮.૭૪ કરોડના શહેરના વિકાસ કામોને લીલી ઝંડી અપાઈ હતી. આજે મનપાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં વોટરવર્કસના ૯૦.૫૭ લાખના, પેવીંગ બ્લોકના ૧.૩૩ કરોડના, વાહન ખરીદી માટેના ૨.૮૪ કરોડના, જયારે પંમ્પીગ સ્ટેશન માટેના ૨.૭૭ કરોડના વિકાસ કામોને એક ઝાટકે મંજુરી અપાઈ હતી. વોર્ડ નં.૧૫માં હયાત વોર્ડ ઓફિસને દુર કરી નવી વોર્ડ ઓફિસ બનાવવાની દરખાસ્ત રૂ.૬૮.૬૭ લાખના ખર્ચે મંજુર કરાઈ હતી. ખાસ કરીને ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ માટે ૧૨ કેએલ વોટરબ્રાઉઝર ખરીદવાના કામ માટે ૨.૬૫ કરોડ મંજુર કરાયા છે. જયારે કાર્યક્રમના ખર્ચ પાછળ ૧.૪૩ કરોડ મંજૂર કરાયા છે. આજે મળેલી બેઠકમાં તમામ સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો અને અધીકારીઓ ઉપસ્થિત રહયા હતા.

કાલાવડ રોડ પર કેકેવી ચોકથી મોટા મવા પુલ સુધીનો રોડ પ્લોટ સાથે કાપીને પહોળો કરવાની કાર્યવાહી અગાઉ થઇ ગઇ છે. હવે મોટામવા ગામ તળથી કોર્પો.ની હદ સુધી એટલે કે ન્યારી ડેમના ખુણા સુધી ૩૦ મીટરનો રસ્તો ૪૫ મીટરનો (૧૫૦ ફુટ)નો કરવા પણ આ પ્રકારની લાઇન ઓફ પબ્લીક સ્ટ્રીટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાયદા હેઠળ સરકાર અને મનપાને ખાનગી જમીન કાપવાના જાહેરહિતમાં અધિકાર છે. તેના બદલામાં જમીન, વળતર, એફએસઆઇના વિકલ્પ જમીન માલિકને આપવામાં આવે છે. કાલાવડ રોડ પરથી ઔદ્યોગિક ઝોન મેટોડા સહિતનું ટ્રાફિકનું મોટું કનેકશન છે. કેકેવી ચોકમાં બ્રીજ પર બ્રીજ, જડુસ હોટલ ચોકમાં બ્રીજ બાદ હવે આ રોડ ૧૫૦ ફુટનો થાય એટલે ટ્રાફિકનો મોટો પ્રશ્ન હલ થાય તેમ છે.

સ્માર્ટ સીટીના લાંબા ગાળાના વિકાસને ધ્યાને લઇ તંત્રએ પુરો માર્ગ ૧૫૦ ફુટનો બનાવવા નિર્ણય લીધો હતો. ૪૩ જેટલા આસામીની જમીન કાપીને બદલામાં લાગુ સર્વે નંબરમાં જ એજ કિંમતની કિંમતી જગ્યા ફાળવવામાં આવી છે. આ કાર્યવાહી વખતે કોઇએ વાંધા લીધા ન હતા પરંતુ ઓગસ્ટ મહિનામાં જયારે સ્ટે કમિટિમાં પ્રથમ વખત દરખાસ્ત આવી ત્યારે એકાએક આ દરખાસ્ત મોકુફ રાખવા લીધો હતો. જે આજે મંજુર કરાઇ છે.

મોટા મવાથી ન્યારી ડેમ કોર્નર સુધી કુલ ૯૬ મીલ્કતો કપાતમાં છે જે પૈકી ૬૪ જમીનની મીલ્કત ધારકોએ જગ્યાના બદલામાં જગ્યા અને માજીર્ન, પાર્કિંગ તથા એફએસઆઇનો લાભ લેવા સંમતિ આપી હતી. જ્યારે સરકારી ખાતાઓએ જમીન અંગે કોઇ નિર્ણય કર્યો ન હતો. કુલ ૯૬ જમીનોમાં ૦.૭૧ મિટરથી ૧૬૮૧ ચો.મી. જમીન કપાતમાં લેવામાં આવી છે.

કાલાવડ રોડ પર કેકેવીથી મોટા મવા સુધીનો રોડ ૩૦ના બદલે ૩૬ મીટર તથા મોટા મવાથી ન્યારી રોડના કોર્નર સુધી ૩૬ થી ૪૫ મીટર પહોળો કરવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ રોડ પહોળો થતાં મોટાભાગે માજીર્ન, ખુલ્લી જમીન કપાતમાં આવે છે. અગાઉ મામલતદાર કચેરીએ કપાત કરી હતી. હવે આત્મીયની કમ્પાઉન્ડ વોલ, આગળ બીજી મિલ્કતના માજીર્ન, પુલ થઇ આગળ થોડી જમીનો કપાત થશે.

વાહનોની ખરીદી માટે ૩.૯૦ કરોડ માગવામાં આવ્યા

સ્વર્ણિમ જયંતિ યોજના હેઠળ રખડતા ઢોર ત્રાસ નિયંત્રણ માટે ફાયનાન્સ બોર્ડ પાસેથી ગ્રાન્ટ મેળવવા દરખાસ્ત કરવામાં આવશે. વધુ પશુ પકડાય તે સાથે વધુ સુવિધા પણ ઉભી કરવાની છે, આ સાથે જિલ્લા તંત્ર પાસે વધુ એનિમલ હોસ્ટેલ માટે જગ્યા પણ માગવામાં આવશે. પશુને ઢોર ડબ્બા સુધી લાવવા માટે અને પરિવહન માટે જરૂરી વાહનોની ખરીદી કરવામાં આવશે. આ વાહનોમાં કેમેરા સહિતની સુવિધા રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે. જેના થકી વાહન ઉપર કેમેરા મૂકીને કાર્યવાહીમાં અડચણરૂપ થવા માગતા લોકો પર નજર રાખવામાં આવશે. પોલીસ તેના પરથી કડક કાર્યવાહી કરી શકશે. સાથે જ કર્મચારીઓના શરીર પર બોડીવોર્ન કેમેરા રાખવામાં આવશે. ૧૦ કર્મચારી માટે હાલ આવા કેમેરા વસાવવામાં આવશે. જેમાં ઓડિયો અને વીડિયો બંને રેકોર્ડિંગ રહેશે. આ પૂરી સિસ્ટમ અને વાહનોની ખરીદી માટે ૩.૯૦ કરોડ માગવામાં આવ્યા છે.

નવા ઢોર ડબ્બા બનાવવા ૧૩ કરોડની માગણી

આ ઉપરાંત મનપા હસ્તકના ઢોર ડબ્બામાં નિભાવણી માટે જરૂરી વ્યવસ્થા અને નવી સુવિધા માટે તથા નવા ઢોર ડબ્બા બનાવવા ૧૩ કરોડની માગણી સરકાર પાસે કરવામાં આવશે. જે પશુપાલકો પાસે ઢોર રાખવાની વ્યવસ્થા ન હોય તેઓને કોર્પોરેશન હસ્તકની એનિમલ હોસ્ટેલમાં પશુ રાખવા, નવી એનિમલ હોસ્ટેલ અને જરૂરી સુવિધા માટે ૧૪.૭૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેમજ જીવદયા માટે કાર્ય કરતી અને પશુઓ નિભાવતી સંસ્થાઓને વધુ નિભાવ સહાયખર્ચ માટે ૫ કરોડનો ખર્ચ કરવા આયોજન છે.

વોર્ડ નં. ૧૫માં નવી વોર્ડ ઓફિસની દરખાસ્તો એજન્ડામાં

આ તમામ ખર્ચ મળીને સરકાર પાસે ૩૬.૬૦ કરોડની ગ્રાન્ટ માગતી દરખાસ્ત મોકલવામાં આવશે. ઢોર પકડ શાખા માટે પશુઓની હેરફેર માટે ૧૮.૭૭ લાખના ખર્ચે નવું હાઇડ્રોલિક વાહન ખરીદવા દરખાસ્ત પણ સ્ટેન્ડિંગ કમીટીમાં આવી છે. આ સાથે જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં પેવિંગ બ્લોક, ફાયર શાખામાં હંગામી જગ્યાની મુદત લંબાવવા, બ્લોક રિપેરિંગ અને લેવલિંગ, પમ્પિંગ સ્ટેશનના મેઈન્ટેનન્સ, આજી નદીના પુલ પાસેની જમીન પર ફેન્સિંગ, વોટર વર્કસના ઝોનલ કોન્ટ્રાક્ટ, વોર્ડ નં. ૧૫માં નવી વોર્ડ ઓફિસની દરખાસ્તો એજન્ડામાં છે.

કાલાવડ રોડને સિક્સ લેન બનાવવાની દરખાસ્તને મંજૂરી

ઉલ્લેખનીય છે કે, આજની બેઠકમાં રાજકોટના ગૌરવ પથ કાલાવડ રોડને સિક્સ લેન બનાવવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. જેમાં મોટામવા ગામથી અવધ રોડ સુધી સિક્સલેન બનાવવામાં આવશે. કપાતમાં જતી મિલકતોની મોટામવામાં જગ્યા ફાળવવામાં આવશે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લી ૬-૬ સ્ટેન્ડિંગ બેઠકથી આ દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવતી હતી. જેનો આજે નિર્ણય આવતા આ કારણે કપાતમાં જતી મિલકતોને ૧૦ ટકા રકમ **RMC**માં જમા કરાવવા અને NOC લેવાના નિર્ણયને પણ રદ્દ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં કપાસનું ઉત્પાદન ૧૦૧ લાખ ગાંસડી થવાનો અંદાજ

ગત વર્ષ કરતાં વધુ ૧.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના મતે નવેમ્બરથી જાન્યુઆરી દરમ્યાન કપાસનો મણદીઠ ભાવ ૧૪૦૦થી ૧૫૦૦ રૂપિયા રહેવાની શક્યતા

જૂનાગઢ,તા.૪ : ગુજરાતમાં આ વર્ષે ૨૬.૮૧ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર થયું હતું, જે ગત વર્ષ કરતા ૧.૩૨ લાખ હેક્ટર વધુ હતું. આ વર્ષે રાજ્યમાં કપાસનું ઉત્પાદન ૧૦૧ લાખ ગાંસડી થવાનો અંદાજ છે તેમજ નવેમ્બરથી જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન કપાસનો મણદીઠ ભાવ ૧૪૦૦થી ૧૫૦૦ રૂપિયા આસપાસ હોવાની શક્યતા પણ કૃષિ તજજ્ઞો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાતમાં જૂન ૨૦૨૩ના ત્રીજા સપ્તાહમાં ચોમાસું સમયસર બેસી ગયું હતું. ત્યારે વરસાદ પણ સારો થયો હતો. ત્યારબાદ વરસાદ અસમાન રહ્યો હતો. ઓગસ્ટથી સપ્ટે.ના પ્રથમ સપ્તાહ સુધી વાતાવરણ શુષ્ક રહ્યું હતું, જેના લીધે પાકને માઠી અસર થઈ હતી.જુલાઈના ત્રીજા સપ્તાહ સુધીમાં કપાસની વાવણી પૂર્ણ થઈ હતી. ગુજરાતમાં અંદાજે ૨૬.૮૧ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર થયું હતું. ગત વર્ષે ૨૫.૪૯ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર હતું, આ વર્ષે ૧.૩૨ લાખ હેક્ટરમાં કપાસનું વધુ વાવેતર થયું હતું, પરંતુ પાકની પરિસ્થિતિ નબળી હોવાથી આ વર્ષે કપાસનું ઉત્પાદન ૧૦૧ લાખ ગાંસડી થવાનો અંદાજ છે.

ગત વર્ષે ભારતમાંથી કપાસની નિકાસમાં ખૂબ જ ઘટાડો થયો હતો. આયાતમાં વધારો થયો હતો, જેથી કપાસના ભાવ ઓક્ટો. ૨૦૨૨માં મણના ૧૭૦૦ રૂપિયા જેટલા હતા, જે એપ્રિલ ૨૦૨૩માં ઘટીને ૧૬૦૦ થયા હતા અને જુલાઈ માસમાં ૧૪૦૦ રૂપિયા થઈ ગયા હતા. હાલ રાજ્યના વિવિધ બજારોમા કપાસના ભાવ ૧૪૪૦ રૂપિયા આસપાસ છે.

જૂનાગઢ કૃષિ યુનિ.ના કૃષિ વિભાગની સંશોધન ટીમે ગોંડલ, રાજકોટ માર્કેટ યાર્ડના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કર્યું હતું, જેના તારણ મુજબ નવેમ્બર- ૨૦૨૩થી જાન્યુઆરી-૨૦૨૪ દરમ્યાન કપાસનો મણદીઠ ભાવ ૧૪૦૦થી ૧૫૪૦ રૂપિયા આસપાસ રહેવાનો અંદાજ છે. સરકાર દ્વારા કપાસના ટેકાના ભાવ ૧૪૦૪ રૂપિયા નક્કી કરાયા છે, જે ગત વર્ષે ૧૨૭૬ રૂપિયા હતા. ચીન અને કેટલાક કપાસ આયાત કરતા દેશની અર્થવ્યવસ્થા સુસ્ત હોવાથી ભારતમાંથી કપાસની નિકાસની તક ઓછી છે.તેમજ જકાતમુક્ત કપાસની આયાત વધવા સંભવ છે.જેથી ભારતમાં કપાસના ઉત્પાદનનો ઓછો અંદાજ છે.આથી કપાસના ભાવમાં થોડો વધારો થવાની સંભાવના રહેલી છે.

રૂ.૧૦ની નવી અને જુની નોટની તીવ્ર અછત; તહેવારો ટાણે વેપારીઓ પરેશાન

રાજકોટ, તા.૪ઃ હાલ જયારે તહેવારોની મોસમ ચાલી રહી છે. ત્યારે વેપારીઓને રૂ.૧૦ની ચલણી નોટોની અછતને કારણે ભારે તકલીફનો સામનો કરવાનો વારો આવ્યો છે. આ મામલે લોકોએ આરબીઆઇ અને સ્ટેટ બેંકના અધિકારીઓને લેખિત રજૂઆત કરી ૧૦ની નોટો વેપારીઓને મળી રહે તે માટેની માંગ કરી છે. નવી નોટો બે વર્ષથી આવતી નથી જયારે જુની નોટની પણ અછત જોવા મળી રહી છે. છેલ્લાં કેટલાક સમયગાળાથી રૂ.૧૦ની નોટોની તીવ્ર અછતને કારણે લોકોને મુશ્કેલી પડી રહી છે ચલણની રૂ.૧૦ની નોટની તીવ્ર અછતને કારણે લોકો વ્યાપક મુશ્કેલી અનુભવી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી રૂ.૧૦ની નોટોની તીવ્ર અછત દુકાનદારો, શાકભાજી તેમજ અન્ય ચીજવસ્તુ વેચતા રેકડી ધારકો, ફેરિયા માટે મુશ્કેલીનું કારણ બની છે તેમજ લોકો રૂ.૧૦ની નોટોની અછતને કારણે ખૂબ પરેશાન છે. ગ્રાહકો ચીજવસ્તુ ખરીદવા રૂ.૧૦૦ કે તેથી વધુની નોટ આપે તો બાકીના નાણાં પરત આપવા ૧૦ની નોટના અભાવે અન્ય વધુ ચીજ ખરીદી મેળ કરવો પડે છે. આમ નાણાં અને સમયનો દુવ્ર્યય થાય છે. રૂ.૧૦ના ધાતુના સિક્કા ખિસ્સા વજનને કારણે તેમજ અન્ય કારણે ધાતુના સિક્કા લોકો ઈચ્છતા નથી. રૂ.૧૦ ની નોટોની ભલે અન્ય સેન્ટરમાં અછત હશે. અછત ખૂબ વધુ છે. અનેક લોકોની આ મુશ્કેલીને લક્ષમાં લઇ તંત્રએ તાત્કાલિક ઘટતું કરવું જોઈએ.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.